MANOGAT • Year 45 • Issue 6 • 25 June 2026 • Jeth Sud 11, Samvat 2082 • Yugabd 5128 • Price : Rs. 5/- • Pages : 28

# मनोगत




૨૩ જૂન
ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી
પુણ્યતિથિ



## ‘પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના’ ૨૩ માં હપ્તા હેઠળ ગુજરાતના ૫૧.૨૮ લાખ ધરતીપુત્રોને રૂ. ૧,૦૨૫ કરોડની સહાય મળી

# ૨૩ જુન બલિદાન દીવસ – 'જહાં હુએ બલિદાન મુખરજી, વો કશ્મીર હમારા હૈ'



કાશ્મીર પ્રશ્ન એ નેહરુની અંગ્રેજ માનસિકતા અને શેખ અબ્દુલ્લા પ્રત્યેના રહસ્યમય પ્રેમનું દુષ્પરિણામ હતું. સરદાર વલ્લભભાઈ પટેલ, ડૉ.બાબાસાહેબ આંબેડકર અને ડૉ.શ્યામાપ્રસાદ મુખરજી કાશ્મીરને ખાસ દરજ્જો મળે તેના સખ્ત વિરોધી હતા. બધાના વિરોધ છતાં તૃષ્ટીકરણની રાજનીતિ અને શેખ અબ્દુલ્લાને ખુશ રાખવા કાશ્મીરને અલગ ધ્વજ, અલગ બંધારણ, અલગ વડાપ્રધાન અને કાશ્મીરમાં પ્રવેશ માટે પરમીટ પ્રથાની મંજૂરી સાથે ખાસ દરજ્જો આપવામાં આવ્યો.


જવાહરલાલ નેહરુની રાષ્ટ્રવિરોધી અને હિંદુવિરોધી નીતિઓનાં વિરોધમાં ડૉ.શ્યામાપ્રસાદ મુખરજીએ ઉદ્યોગમંત્રી તરીકે રાજીનામું આપ્યું હતું, પરંતુ તેઓ નેહરુ સરકારની કાશ્મીર અંગેની કુનીતિઓનો સંસદની અંદર અને બહાર વિરોધ કરતા રહ્યા. થોડા સમય સુધી તેઓ પાર્ટી વગરના નેતા તરીકે કાર્યરત હતા. આ દરમિયાન તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક પૂજ્ય શ્રી માધવરાવ સદાશિવરાવ ગોલવલકર (ગુરુજી)ને મળ્યા. પૂ.ગુરુજીએ તેમને રાષ્ટ્રીય એકતા તથા ભારતની અખંડીતતાની રક્ષા માટે નવી રાજકીય પાર્ટી બનાવવાનો આગ્રહ કર્યો અને તેનાં માટે સંઘના કેટલાંક વિશ્વાસુ અને ચુનંદા કાર્યકર્તાઓ આ કાર્ય માટે આપવાનું વચન આપ્યું. પં.દીનદયાળ ઉપાધ્યાય, બલરાજ મધોક, ભાઈ મહાવીર, અટલબિહારી બાજપાઈ, નાનાજી દેશમુખ, કુશાભાઉ ઠાકરે, સુંદરસિંહ ભંડારી, જગદીશપ્રસાદ માથુર સહિતના કાર્યકર્તાઓને પૂ.ગુરુજીએ આ કામ માટે સંઘના કાર્યમાંથી મુક્ત કર્યા.

ડૉ.મુખરજીએ આ બધા કાર્યકર્તાઓ સાથે અનેક ચિંતન બેઠકો કરી અને ઘણા વિચારવિમર્શ બાદ ૨૧ ઓક્ટોબર ૧૯૫૧ના રોજ દિલ્હી ખાતે 'ભારતીય જનસંઘ'નામની રાજકીય પાર્ટીની ઘોષણા કરવામાં આવી અને તેના પ્રથમ અધ્યક્ષની જવાબદારી ડૉ.શ્યામાપ્રસાદ મુખરજીને સોંપવામાં આવી.

આ દરમિયાન જમ્મુ-કાશ્મીરને અલગ દરજ્જો અને પ્રવેશ માટે પરમીટપ્રથા લાગુ થઈ ગઈ હતી. તે મુજબ કોઈપણ ભારતીયને આઝાદ ભારતના જમ્મુ-કાશ્મીર રાજ્યમાં પ્રવેશ લેવો હોય તો કેન્દ્રીય રક્ષા મંત્રાલયમાંથી પરમિટ લેવી ફરજિયાત હતી. તેના વિરોધ અને કાશ્મીરના ભારતમાં પૂર્ણ વિલયની માંગ સાથે પં.પ્રેમનાથ ડોગરાની અધ્યક્ષતામાં કાશ્મીરની 'પ્રજા પરિષદ' સંસ્થાએ આંદોલનો ચાલુ કર્યાં હતાં. તેમના પર શેખ અબ્દુલ્લા સરકાર દ્વારા અમાનુષી અત્યાચારો કરવામાં આવી રહ્યા હતા. પરંતુ નેહરુજીએ આ ઘટનાઓ પ્રત્યે પોતાનાં આંખ-કાન બંધ કરી દીધાં હતાં.

પ્રેમનાથ ડોગરાના આહ્વાન પર ડૉ.મુખરજીએ 'એક દેશમેં દો વિધાન, દો પ્રધાન ઔર દો નિશાન નહીં ચલેંગે'ના નારા સાથે સવિનય પરમિટ પ્રથાનો ભંગ કરી, પરમિટ વગર જમ્મુ જવાનું જાહેર કર્યું. ૮મી મે ૧૯૫૩ના રોજ તેમણે નવી દિલ્હી રેલવે સ્ટેશનથી તેમની યાત્રા ચાલુ કરી. શરૂઆતમાં તેમની પંજાબમાં જ ધરપકડ કરી લેવી તેવી સૂચના આવી પરંતુ ફરીથી એવી સૂચના આવી કે તેમને પરમિટ વગર કાશ્મીરમાં પ્રવેશ કરવા દેવો અને ત્યારબાદ કાશ્મીરમાં પ્રવેશતાંની સાથે જ તેમની ધરપકડ કરવી. આ ઘટનાથી સ્પષ્ટ ખ્યાલ આવે કે તેમને ચતુરાઈથી જમ્મુ-કાશ્મીરમાં પ્રવેશ કરવા દીધો અને ત્યારબાદ ત્યાંની સરકાર દ્વારા ધરપકડ કરાઈ જેથી આ મામલો ભારતના ઉચ્ચ ન્યાયાલયના અધિકાર ક્ષેત્રથી બહાર જતો રહે. જો તેમની ધરપકડ પંજાબમાં કરી હોત તો તેઓ આસાનીથી જામીન મેળવી છૂટી શક્યા હોત. ધરપકડ બાદ ડૉ.શ્યામાપ્રસાદ મુખરજીને એક જીપમાં નિર્જન જગ્યાએ એક નાની એવી ઝૂંપડી જેવા ઘરમાં રાખવામાં આવ્યા. ત્યાં તેમની તબિયત ખરાબ થઈ છતાં કોઈ યોગ્ય સારવાર પણ ના આપી. પૂર્વ કેન્દ્રીયમંત્રી અને સાંસદ હોવા છતાં ડૉ.મુખરજીને સારવાર માટે વી.આઈ.પી. વોર્ડને બદલે સગવડ વગરના વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. અંતે ૨૩મી જૂન ૧૯૫૩ના રોજ સંદિગ્ધ હાલતમાં તેમનું મૃત્યુ થયું.

**- પ્રશાંત વાળા**



Year : 45, Issue : 6, Pages : 28



## તંત્રીસ્થાનેથી

# પ્રશિક્ષણ મહાઅભિયાન

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

આપણે સૌ જાણીએ છીએ તેમ પ્રશિક્ષણ મહાઅભિયાન ૨૦૨૬ ચાલી રહ્યું છે. ગુજરાતમાં મંડલના જવાબદાર કાર્યકર્તાઓનું પ્રશિક્ષણ થઈ રહ્યું છે. જેમાં ભાજપનો ઇતિહાસ, વૈચારિક અધિષ્ઠાન, બૂથ સંગઠન, કાર્યપદ્ધતિ, અંત્યોદયથી સંતૃપ્તિ, કાર્યવિસ્તાર, સંગઠનનો વ્યાપ, સોશ્યલ મીડિયા, એઆઈ, નમો એપ અને સરલ એપ વગેરે બાબતોનું પ્રશિક્ષણ થઈ રહ્યું છે.

આ તબક્કે મારે જે વાતો કરવી છે તે એ છે કે,

(૧) આ પ્રશિક્ષણ અત્યંત મૂલ્યવાન વિષયવસ્તુ સાથેનું છે માટે આ બેઠકોને સામાન્ય કે ઔપચારિક નહીં ગણી - પૂરતું મહત્ત્વ પ્રત્યેક શિક્ષાર્થી કાર્યકર્તા દ્વારા આપવામાં આવે તે જરૂરી છે.

(૨) પં. દીનદયાળ ઉપાધ્યાયજીએ બહુ સાચું કહ્યું છે કે સંગઠનનો વિસ્તાર સત્તાપ્રાપ્તિ માટે નહીં, પરંતુ સમાજમાં રાષ્ટ્રચેતના જગાડવા માટેનો છે. અને માટે જ આ પ્રકારના પ્રશિક્ષણથી પક્ષનો વિચાર આપણે સૌ સમજીએ અને સમાજના તમામ વ્યક્તિ અને ખાસ કરીને નવી પેઢી સુધી આ વિચારને પહોંચાડવાનો પ્રયત્ન કરીએ.

(૩) કોઈ પણ કાર્ય કરીએ તેની પાછળ 'વિચાર' હોય છે. વિચાર જો સ્પષ્ટ, મક્કમ અને દૂરંદેશીભર્યો હોય તો તે પરિણામસ્પર્શી બને જ છે. આપણી વિચારધારાનો મૂળ વિચાર રાષ્ટ્ર પ્રથમથી શરૂ કરીને 'સ્વત્વ'ને ઉજાગર કરવાનો છે. સ્વબોધથી દીક્ષિત કાર્યકર્તા પોતાના જીવનના પ્રત્યેક પગલે કે ઘટનાક્રમે 'ભારતીયત્વ'ના ભાવને અનુસરતો કે પ્રકાશિત કરતો થઈ જશે. આમ 'વિચાર' પોતે જ 'જીવન' બની જશે. આપણી એકાત્મ માનવદર્શનની વિચારધારા વ્યવહાર અને આચરણ દ્વારા જીવનદર્શનની સ્થિતિ પ્રાપ્ત કરે તે માટેની પૂર્વભૂમિકા આ પ્રકારના પ્રશિક્ષણ વર્ગો પૂરી પાડી રહ્યા છે.

(૪) વિચારધારા દ્વારા કાર્યકર્તા પોતાના જીવનને, પરિવારને, સમાજને, સમગ્ર રાષ્ટ્રને અને સમષ્ટિ સુધીના વ્યાપને સમજી, તેને પૂરક બની, વ્યક્તિથી પ્રકૃતિ સુધીના એકાત્મભાવને ખરા અર્થમાં આત્મસાત્ કરી શકે છે. આ પ્રકારના પ્રશિક્ષણથી વિચારધારાનું બીજ મનમાં ઉછેરવાનો પ્રયત્ન એટલા માટે જ કરવામાં આવી રહ્યો છે. જેને કારણે 'સાંસ્કૃતિક રાષ્ટ્રભાવ'નું વટવૃક્ષ આપોઆપ ઘટાટોપ બની સમગ્ર રાષ્ટ્રને સુજલામ્-સુફલામ્ મલયજ શીતલામ્ બનાવી શકશે.

(૫) ભાજપના તમામ કાર્યકર્તાઓ 'સરલ એપ'ના માધ્યમથી આ વિચારધારાથી પ્રશિક્ષિત થઈ શકે છે ત્યારે આવો, આપણે સૌ આપણા વિચારનો દીવો પ્રગટાવી આત્મદીપ બની સર્વત્ર પ્રકાશ પહોંચાડવા કટિબદ્ધ બનીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
વૉટ્સઍપ નં. : ૬૩૫૧૯૫૯૦૯૪
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001





# દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં સમાવેશી વિકાસ અને અંત્યોદયના ૧૨ વર્ષ

**આજે સમગ્ર દેશ અને દુનિયા જ્યારે ભારતના નવનિર્માણની અવિરત યાત્રા જોઈ રહી છે, ત્યારે મોદીજીના કુશળ, દૃઢ અને રાષ્ટ્રવાદી નેતૃત્વમાં સફળ અને સેવાભર્યાં ૧૨ વર્ષ પૂર્ણ કરી ૧૩મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. સાથે સાથે મોદીજીના મજબૂત, સમર્પિત અને દીર્ઘદ્રષ્ટા નેતૃત્વમાં દેશના પ્રધાનસેવક તરીકે ૪૩૯૯ દિવસનો રેકોર્ડબ્રેક કાર્યકાળ થયો છે. આ ૪૩૯૯ દિવસો એ માત્ર શાસનના દિવસો નથી, પરંતુ ભારત માતાની સેવામાં અર્પણ કરેલી એક-એક ક્ષણની સાધના છે. આ દીર્ઘકાલીન કાર્યકાળ દેશમાં રાજકીય સ્થિરતા, અવિરત વિકાસ અને રાષ્ટ્રીય ગૌરવના સુવર્ણયુગ સમાન સાબિત થયો છે. આ ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ અવસરે સમગ્ર ગુજરાતના કરોડો કાર્યકર્તાઓ વતી મોદીજીને હૃદયપૂર્વકના કોટિ-કોટિ અભિનંદન પાઠવીએ છીએ.**



**– જગદીશ વિશ્વકર્મા**

વર્ષ ૨૦૧૪માં જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દેશની ધુરા સંભાળી, ત્યારે દેશને એક આશા અને વિશ્વાસની જરૂર હતી. તેમણે સતત સેવા અને રાષ્ટ્ર પ્રથમના સંકલ્પ સાથે ભારતના રાજકારણ અને વહીવટીતંત્રની સંસ્કૃતિને બદલી નાખી. આ ૧૨ વર્ષના કાર્યકાળમાં દેશે અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે. પરંપરાગત નીતિઓથી આગળ વધીને દેશને જે આધુનિક અને વૈશ્વિક દૃષ્ટિકોણ આપ્યો છે, તેનાથી ભારતમાં એક મોટું પરિવર્તન આવ્યું છે.

ગરીબ કલ્યાણ અને અંત્યોદયના મંત્રને સાકાર કરતા જનધન ખાતા, આયુષ્માન ભારત, પીએમ આવાસ યોજના અને ઉજ્જવલા યોજના દ્વારા દેશના છેવાડાના માનવી સુધી વિકાસનાં ફળ પહોંચ્યાં છે. સદીઓ જૂના સંકલ્પ સમાન પ્રભુ શ્રી રામના ભવ્ય મંદિરનું નિર્માણ, કાશી વિશ્વનાથ કોરિડોર, સોમનાથ સ્વાભિમાન પર્વ અને મહાકાલ લોક જેવા ભારતીય સંસ્કૃતિના પ્રતીકોનું ગૌરવ પુનઃસ્થાપિત થયું છે.

માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના યશસ્વી નેતૃત્વમાં જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરવાનો સાહસિક નિર્ણય અને આતંકવાદ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિથી દેશની સરહદો આજે સુરક્ષિત બની છે. સંરક્ષણથી લઈને ટેકનોલોજી અને ડિજિટલ ઇન્ડિયાના માધ્યમથી દેશ આત્મનિર્ભરતાના પંથે અગ્રેસર બન્યો છે. આજે ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી આર્થિક સત્તા બન્યું છે. આપના વિઝનરી નેતૃત્વના કારણે વૈશ્વિક મંચ પર ભારતનો અવાજ આજે સૌથી મજબૂતીથી સંભળાય છે. વંદે ભારત ટ્રેન, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, દેશના ખૂણે-ખૂણે એક્સપ્રેસ-વે અને આધુનિક એરપોર્ટ્સના નિર્માણ દ્વારા દેશની



## '૧૨ વર્ષ અવિરત વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણનાં'
### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારનાં ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભાજપા દ્વારા રાજ્યભરમાં મહાઆરતી અને સ્વચ્છતા અભિયાન સહિતના કાર્યક્રમ યોજાયા

વિશ્વના સર્વાધિક લોકપ્રિય નેતા અને ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે અવિરત ૧૨ વર્ષ અને ૪૩૯૯ દિવસના યશસ્વી અને પ્રેરણાદાયી કાર્યકાળ સાથે ૧૦ જૂને દેશના સૌથી વધુ સમય સુધી સેવારત રહેનાર વડાપ્રધાન બન્યા છે. શ્રી મોદીજીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારનાં સતત ૧૨ વર્ષ પૂર્ણ થયાં છે. આ ઐતિહાસિક અવસરને વધાવવા કેન્દ્રીય ભાજપાની કાર્યયોજના અનુસાર, પ્રદેશ ભાજપા દ્વારા સમગ્ર રાજ્યમાં '૧૨ વર્ષ અવિરત વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના' અભિયાન અંતર્ગત રાજ્યના તમામ જિલ્લા અને મહાનગરોનાં મંદિરોમાં ભાજપા આગેવાનો, ચુંટાયેલા પ્રતિનિધિઓ, કાર્યકરો અને સ્થાનિક નાગરિકોની ઉપસ્થિતિમાં મહાઆરતીનું આયોજન કરી વડાપ્રધાનશ્રીના દીર્ઘાયુ અને સ્વાસ્થ્યપ્રદ જીવન માટે પ્રાર્થના કરવામાં આવી હતી. રાજ્યભરમાં મહાપુરુષોની પ્રતિમાઓની સાફ-સફાઈ અને વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું.

રાજ્યમાં ૨૦૦થી વધારે દેવસ્થાનોએ ભવ્ય મહાઆરતી યોજાઈ હતી. વહેલી સવારે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ત્રિમંદિર ખાતે આરતીમાં ઉપસ્થિત રહી વડાપ્રધાનશ્રીના ઉત્કૃષ્ટ સ્વાસ્થ્ય માટે ઈશ્વરના ચરણોમાં પ્રાર્થના કરી હતી. વડનગર ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈની પ્રેરક ઉપસ્થિતિમાં ભક્તિના અનોખા ત્રિવેણી સંગમ સાથે વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં. વડાપ્રધાનશ્રીના જન્મસ્થળ એવા ઐતિહાસિક અને પૌરાણિક નગર વડનગર ખાતે પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા હાટકેશ્વર મંદિર ખાતે ઉપસ્થિત રહ્યા હતા જ્યાં રામધૂન, ભજન-કીર્તન, મહામૃત્યુંજય મંત્રના સામૂહિક જાપ અને મહાઆરતી સાથે શ્રી નરેન્દ્રભાઈ મોદીના આરોગ્યપ્રદ દીર્ઘાયુ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના હસ્તે સફાઈકર્મીઓના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પૂર્વે પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વડનગર સ્થિત પ્રેરણા સ્કૂલની મુલાકાત લઈ ત્યાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ શૈક્ષણિક સુવિધાઓ તેમજ જીવનમૂલ્યો, નેતૃત્વક્ષમતા, અને વ્યક્તિત્વવિકાસ જેવા ગુણો વિકસાવવા માટે કરવામાં આવી રહેલ કામગીરી અંગે માહિતી મેળવી હતી. શ્રી વિશ્વકર્માએ વડનગર રેલવે સ્ટેશનની પણ મુલાકાત કરી હતી. મોડી સાંજે વડનગરના સુપ્રસિદ્ધ શર્મિષ્ઠા તળાવના કિનારે દીવડાઓની ઝળહળતી જ્યોત વચ્ચે અલૌકિક મહાઆરતી યોજાઈ હતી જેમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સમ્મિલિત થયા હતા. શ્રી વિશ્વકર્માએ શર્મિષ્ઠા તળાવ ખાતે વોટર એન્ડ લાઇટ શો પણ નિહાળ્યો હતો.

કનેક્ટિવિટીને વૈશ્વિક સ્તરે પહોંચાડી છે. UPI ના માધ્યમથી દેશે ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં વિશ્વમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. શાકભાજી વેચતા સામાન્ય નાગરિકથી લઈને મોટા ઉદ્યોગપતિ સુધી સમાન ડિજિટલ વ્યવસ્થા ઊભી કરીને પારદર્શિતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. મોદીજીની સરકારના પ્રોત્સાહનથી આજે ભારત 'સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ'માં વિશ્વમાં અગ્રેસર બન્યું છે. સોલાર એનર્જી, ગ્રીન હાઇડ્રોજન મિશન અને ઇલેક્ટ્રિક વ્હીકલ્સને પ્રોત્સાહન આપીને પર્યાવરણની રક્ષા સાથે દેશને ઊર્જા ક્ષેત્રે સ્વનિર્ભર બનાવવાનો મજબૂત પાયો નાખ્યો છે. માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું વિઝન માત્ર આજના ભારત માટે નથી, પરંતુ આવનારી પેઢીઓ માટે એક સક્ષમ, સુરક્ષિત અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવાનું છે. આજે દેશના ૧૪૦ કરોડ ભારતીયોનું વિશ્વમાં માન- સન્માન વધ્યું છે. મોદી સાહેબને વિવિધ ૩૨ દેશોએ સન્માનિત કર્યા છે તે સૌ ભારતીઓ માટે ગૌરવની બાબત છે. તેમના જીવનની પ્રત્યેક ક્ષણ ભારત માતાની સેવામાં અર્પણ છે અને આ જ નિષ્ઠા દેશના કરોડો યુવાનો અને કાર્યકર્તાઓ માટે પ્રેરણાનો સ્રોત છે. આ ૧૨ વર્ષની સફર એ સાબિત કરે છે કે ભારતની ૧૪૦ કરોડની જનતાને તેમના નેતૃત્વ, નીતિ અને સુશાસન ઉપર ભરોસો છે.

ગુજરાતની પવિત્ર ધરતી પરથી શરૂ થયેલી આ સેવા યાત્રા વસુધૈવ કુટુમ્બકમ્ સાથે વિશ્વને પ્રભાવિત કરી રહી છે. મોદી સાહેબના માર્ગદર્શન



હેઠળ આગામી સમયમાં દેશ 'વિકસિત ભારત @ ૨૦૪૭'ના સંકલ્પને ચોક્કસપણે સિદ્ધ કરશે તેવો અમને દૃઢ વિશ્વાસ છે. ઈશ્વર મોદીજીને દીર્ઘાયુ અર્પે, ઉત્તમ સ્વાસ્થ્ય પ્રદાન કરે અને મોદીજીના નેતૃત્વમાં ભારત માતા અવિરતપણે પરમ વૈભવનાં શિખરો સર કરતી રહે તેવી મા અંબા અને સોમનાથ દાદાના ચરણોમાં પ્રાર્થના.

## ૨૦૧૪ થી શરૂ થયેલ પ્રધાનમંત્રી તરીકેની યાત્રામાં ગુજરાતને મળેલી મોટી ભેટો

- સરદાર સરોવર ડેમ પર દરવાજા લગાવવાની મંજૂરી
- અમદાવાદ મુંબઈ બુલેટ ટ્રેન
- દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટી વડોદરા
- સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી રેલવે કનેક્ટિવિટી
- લોથલ ખાતે નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્ષ
- લાઈટ હાઉસ પ્રોજેક્ટ, રાજકોટ
- ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન જામનગર
- તારંગા હિલ અંબાજી આબુ રોડ રેલ્વે લાઈન
- વંદે ભારત એક્સપ્રેસ અને નમો ભારત
- G૨૦ અધ્યક્ષતા હેઠળ ગુજરાતમાં ૧૮ બેઠકો
- રાજકોટમાં પ્રથમ ગ્રીનફિલ્ડ એરપોર્ટ અને AIIMS
- નવસારીમાં પીએમ મિત્ર પાર્ક
- ટાટા ફેસિલિટી એરક્રાફ્ટ ઉત્પાદન, વડોદરા
- દાહોદમાં ઈલેક્ટ્રિક લોકોમોટિવ એન્જિન પ્લાન્ટ
- સ્માર્ટ સિટી મિશન
- ગિફ્ટ સિટી
- વિશ્વનો સૌથી મોટો હાઇબ્રીડ રીન્યુબલ એનર્જી પાર્ક કચ્છ
- અમદાવાદ મેટ્રો ટ્રેન ફેસ ૧, ફેસ ૨
- જંબુસર બલ્ક ડ્રગ પાર્ક, ભરૂચ
- ભાવનગરમાં વિશ્વનું પ્રથમ સીએનજી ટર્મિનલ પોર્ટ
- ભારતનો સૌથી લાંબો કેબલ સ્ટેડ બ્રીજ સુદર્શન સેતુ
- કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની યજમાની
- સોમનાથ સ્વાભિમાન પર્વ
- સાણંદ ખાતે માઇક્રોન અને કેઇન્સ સેમિકન્ડક્ટર પ્લાન્ટ

## સિદ્ધિઓ

- ૫૮ કરોડ જનધન એકાઉન્ટ
- ૫૭ કરોડ મુદ્રા લોન
- ૮૬ કરોડ ડિજિટલ હેલ્થ આઈડી
- ૪ કરોડ ઘરો (આવાસ યોજના)
- ૨૫ કરોડ લોકો ગરીબીમુક્ત
- ૭ લાખ કિમી રોડનું નિર્માણ
- ૮૧ કરોડ નાગરિકોને વિનામૂલ્યે અનાજ
- ૧૨ કરોડ શૌચાલયનું નિર્માણ
- ૪૦,૦૦૦ કરોડની બચત (જન ઔષધિ કેન્દ્રો દ્વારા)
- ૫૦ લાખ કરોડ DBT દ્વારા ટ્રાન્સફર
- ૧૫ કરોડ ઘરોમાં નળથી જળ
- ૩૧ કરોડ કામદારોને સામાજિક સુરક્ષા
- નવી શિક્ષણનીતિ
- કલમ ૩૭૦ દૂર
- CAA
- રામમંદિર નિર્માણ
- ત્રિપલ તલાક નાબૂદી
- ૫ ટ્રીલીયન ઇકોનોમીમાં ભારતને લઈ જવાનું લક્ષ્ય

## ભારતીય રેલવેએ ગુજરાતમાં અમદાવાદ ડિવિઝન માટે રૂ.૧૪૦ કરોડના કવચ પ્રોજેક્ટને મંજૂરી આપી

રેલ સલામતી વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલામાં, ભારતીય રેલ્વેએ ગુજરાતમાં પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનના ૪૮ બ્લોક સેક્શનને આવરી લેતા ૫૯૮ રૂટ કિલોમીટર પર કવચ વર્ઝન ૪.૦ ઇન્સ્ટોલ કરવાની મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ રૂ. ૧૪૦ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવ્યો છે. ભારતીય રેલવેના સંતુલિત રૂટ પર LTE-આધારિત કોમ્યુનિકેશન બેકબોન સાથે કવચની જોગવાઈ માટેના છત્ર કાર્યક્રમ હેઠળ આ કાર્યને મંજૂરી આપવામાં આવી છે. વર્તમાન પ્રોજેક્ટની મંજૂરી સાથે, ડિવિઝનના બાકીના વિભાગો પણ કવચ હેઠળ લાવવામાં આવશે, જેનાથી સમગ્ર ડિવિઝનમાં સ્વદેશી ટ્રેન સુરક્ષા પ્રણાલીના વ્યાપક ઉપયોગનો માર્ગ મોકળો થશે. કવચ એ સ્વદેશી રીતે વિકસિત ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (ATP) સિસ્ટમ છે જે ઓપરેશનલ સલામતી વધારવા માટે રચાયેલ છે. તે જોખમમાં સિગ્નલ પાસિંગ (SPAD) ને રોકવામાં મદદ કરે છે, અસુરક્ષિત પરિસ્થિતિઓને ટાળવા માટે જરૂર પડે ત્યારે આપમેળે બ્રેક લગાવે છે, ગંભીર પરિસ્થિતિઓમાં ટ્રેનની ગતિને નિયંત્રિત કરે છે અને અથડામણનું જોખમ નોંધપાત્ર રીતે ઘટાડે છે.



**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભાજપાના '૧૨ વર્ષ વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણનાં' અભિયાન**



# શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વંચિત, ગરીબ અને છેવાડાના માનવીને વિકાસની મુખ્ય ધારામાં લાવવાનો સેવાયજ્ઞ આદર્યો છે તેમજ સરકારે યુવાનો, મહિલાઓ અને ધરતીપુત્રોના હિતને સદાય અગ્રતા આપી છે - શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારનાં ૧૨ વર્ષ પૂર્ણ થયાં છે ત્યારે આ ઐતિહાસિક અવસર પર ભારતીય જનતા પાર્ટીના '૧૨ વર્ષ વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણનાં' અભિયાન અંતર્ગત ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્', ખાતે મીડિયા સંવાદ યોજાયો હતો.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોઈપણ દેશના ઈતિહાસમાં એવો સમય જરૂર આવે છે, જ્યારે આખો દેશ નવી તાકાત અને નવા સંકલ્પો સાથે પ્રગતિના રસ્તે આગળ વધે છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૨૦૧૪થી દેશમાં 'વિકાસની રાજનીતિ'નો નવો ઈતિહાસ સર્જાયો છે. ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદી વૈશ્વિક નેતા તરીકે સર્વસ્વીકૃત બન્યા છે. વિશ્વના આશરે ૩૨ જેટલા દેશોએ પોતાના સર્વોચ્ચ સન્માનથી નવાજ્યા છે. સેચ્યુરેશન એપ્રોચ દ્વારા ગરીબ, મહિલા, આદિજાતિ, અનુસૂચિત જાતિ, યુવા અને મધ્યમ વર્ગના સશક્તિકરણ પર ભાર મૂકવામાં આવ્યો છે. વંચિત, ગરીબ અને છેવાડાના માનવી તેમજ આદિજાતિઓને વિકાસની મુખ્ય ધારામાં લાવવાનો સેવાયજ્ઞ આદર્યો છે અને 'ભૂતકાળમાં જેમને કોઈ પૂછતું નહિં, તેમને શ્રી મોદીજીએ પૂજ્યા છે.' જનતાના અપાર સમર્થન અને ભરોસાથી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નો મંત્ર ચરિતાર્થ થયો છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, કૃષિ ક્ષેત્રે 'બેક ટુ બેઝીક'ના મંત્ર સાથે રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશન યોજનાથી ૧૮ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. 'જ્ઞાન' (GYAN) શક્તિના મહત્ત્વના પિલ્લર એવા અન્નદાતાના ઉત્થાન માટે પીએમ કિસાન સમ્માન નિધિ યોજના દ્વારા રૂ. ૪ લાખ કરોડથી વધુની સહાય સીધી ખેડૂતોના ખાતામાં જમા થઈ છે, કુદરતી આફતોમાં ઉદારતમ રાહત પેકેજ આપવામાં આવ્યા છે અને છેલ્લાં ૧૨ વર્ષમાં MSP અંતર્ગત રૂ. ૨૬ લાખ કરોડથી વધુના મૂલ્યના પાકોની ખરીદી કરીને સરકારે ધરતીપુત્રોના હિતને સદાય અગ્રતા આપી છે. ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી વર્ષની દેશભરમાં ભવ્ય ઉજવણી થઈ છે. કેન્દ્રીય આદિવાસી કલ્યાણ બજેટમાં ૨૪૩%નો માતબર વધારો કરાયો છે.

તેમણે કહ્યું કે, છેલ્લાં ૧૨ વર્ષમાં દેશની GDP ૨.૦૨ ટ્રિલિયન ડોલરથી વધીને ૪.૧૫ ટ્રિલિયન ડોલર થઈ છે અને પર કેપિટા ઈન્કમ (માથાદીઠ આવક) રૂ. ૮૬,૬૭૮થી વધીને રૂ. ૨,૧૨,૯૮૧ થતાં મધ્યમ વર્ગનું સામાજિક-આર્થિક સશક્તિકરણ અને ઇઝ ઓફ લિવિંગ વધ્યું છે. વર્ષ ૨૦૧૪માં દેશમાં ૯૧,૨૮૭ કિમી નેશનલ હાઈવે હતા, જે આજે વધીને ૧.૪૬ લાખ કિમીથી વધુ થયા છે અને હાઈવે નિર્માણની ગતિ રોજની ૧૧.૬ કિમીથી વધીને ૩૪ કિમીથી વધુ થઈ છે. મેટ્રો નેટવર્ક પણ ૫ શહેરોથી વધીને આજે ૨૬ શહેરોમાં ૧,૧૫૫ કિલોમીટર સુધી કાર્યરત થયું છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) અને ડિજિટલ પ્લેટફોર્મની પારદર્શિતાને કારણે, ભારત આજે રોજના ૬૬ કરોડથી વધુ UPI ટ્રાન્ઝેક્શન સાથે વિશ્વનો સૌથી મોટો ડિજિટલ પેમેન્ટ કરનારો દેશ બન્યો છે.



મુખ્યમંત્રીશ્રી પટેલે કહ્યું કે, મેક ઇન ઇન્ડિયા અંતર્ગત ગઈકાલે જ પ્રથમ ઉડાન ભરનાર C-૨૯૫ એરક્રાફ્ટ એ મોદી સાહેબની ગુજરાતને મળેલી અદ્‌ભુત ભેટ છે. આજે 'ગિફ્ટ સિટી' IFSCA અને દેશના પ્રથમ 'ઇન્ડિયા ઇન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ' સાથે વૈશ્વિક ફાઈનાન્સિયલ હબ બન્યું છે, પીએમ સુકન્યા સમૃદ્ધિ યોજનામાં ૫ કરોડ દીકરીઓનાં ખાતાં સુરક્ષિત થયાં છે, મુદ્રા યોજનાથી મહિલા ઉદ્યમીઓને ૧૬ લાખ કરોડથી વધુની લોન મળી છે અને ૯૧ લાખથી વધુ સેલ્ફ હેલ્પ ગ્રુપના માધ્યમથી ૧૦ કરોડથી વધુ મહિલાઓ જોડાતાં દેશની ૩ કરોડથી વધુ મહિલાઓ "લખપતિ દીદી" બની છે. ગુડ ગવર્નન્સના આ ૧૨ વર્ષના સફળ ટ્રેક રેકોર્ડને ૧૪૦ કરોડ દેશવાસીઓનું પ્રચંડ સમર્થન આગામી સમયમાં પણ મળતું રહેશે અને સૌ સાથે મળીને આત્મનિર્ભર અને વિકસિત ભારતનું નિર્માણ કરીશું તેવો દૃઢ વિશ્વાસ વ્યકત કર્યો હતો.

**આજે દુનિયાના કોઇ પણ ખૂણે દરેક ભારતીય ગર્વથી કહી શકે છે કે, 'હું ભારતીય છું' - શ્રી હર્ષભાઈ સંઘવી**

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ૧૨ વર્ષનું શાસન માત્ર રેકોર્ડ અને આંકડાઓનો વિષય નથી, પરંતુ કરોડો દેશવાસીઓના જીવનમાં આવેલા પરિવર્તનનું પ્રતીક છે. તેમણે કહ્યું કે છેક કચ્છમાં નર્મદાનું પાણી મેળવતા ખેડૂત માટે, એકતા નગરમાં રોજીરોટી મેળવતા આદિવાસી માટે, વર્ષોથી રામમંદિરની રાહ જોતા રામભક્તો માટે, ત્રિપલ તલાકની પીડા સહન કરતી મુસ્લિમ બહેનો માટે, કાશ્મીરમાં અલગાવવાદની આગમાંથી મુક્તિ મેળવનારા નાગરિકો માટે, સરહદો સુધી ટનલ અને ઓલ-વેધર રોડની સુવિધા મેળવનારા સૈનિકો માટે, સારવાર અને ઓપરેશન માટે આર્થિક સંકટનો સામનો કરતા ગરીબો માટે, પોતાનું પાકું ઘર મેળવતા પરિવારો માટે, પાણી માટે માઈલો સુધી ચાલતી માતાઓ માટે, ખાતર-બિયારણ માટે વ્યાજખોરો પર નિર્ભર નાના ખેડૂતો માટે, સરકારી સહાય મેળવવામાં ધક્કા ખાતા સામાન્ય નાગરિકો માટે તેમજ ગેરંટી વિના પોતાનો વ્યવસાય શરૂ કરવા ઇચ્છતા યુવાનો માટે આ ૧૨ વર્ષ સાચા અર્થમાં વરદાન સાબિત થયાં છે.

તેમણે ઉમેર્યું હતું કે આજે દુનિયાના કોઈ પણ ખૂણે દરેક ભારતીય ગર્વથી કહી શકે છે કે, "હું ભારતીય છું". તેમણે જણાવ્યું કે છેલ્લાં અઢી દાયકાથી ગુજરાત અને દેશના જાહેર જીવનમાં કાર્યરત નરેન્દ્રભાઈ મોદીનું નામ ઇતિહાસના પુસ્તકોમાં માત્ર એક નામ નહીં, પરંતુ એક સફળ અધ્યાય બની રહેશે અને ૨૧મી સદીના અઢી દાયકાથી સમગ્ર દેશ "મોદી યુગ"નો સાક્ષી બની રહ્યો છે. તેમણે કહ્યું કે પંડિત નેહરુ જ્યારે વડાપ્રધાન બન્યા ત્યારે તેમની સામે કોઈ મજબૂત રાજકીય વિકલ્પ કે સ્પર્ધા નહોતી, જ્યારે નરેન્દ્રભાઈ મોદીએ અનેક રાષ્ટ્રીય પક્ષો, મજબૂત પ્રાદેશિક પક્ષો, રાજકીય સ્પર્ધા અને સતત ચાલતા ભ્રામક અપપ્રચાર વચ્ચે ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રમાં સતત ત્રણ વખત સરકાર બનાવી છે. એક સામાન્ય અને ગરીબ પરિવારમાંથી સંઘર્ષ કરીને, સફળતાનાં એક-એક ડગલાં સર કરીને તેમણે આ સ્થાન પ્રાપ્ત કર્યું છે; સત્તા તેમને વારસામાં મળી નથી.

શ્રી સંઘવીએ જણાવ્યું કે, ૨૦૧૪ પહેલાં દેશ ભ્રષ્ટાચારના કૌભાંડો, મોંઘવારી, નબળી આર્થિક સ્થિતિ અને નબળી સુરક્ષા વ્યવસ્થાથી પીડાતો હતો, ત્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશ માટે આશાનું નવું કિરણ બનીને આવ્યા હતા. શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સમગ્ર જીવન ૧૪૦ કરોડ દેશવાસીઓના કલ્યાણ માટે સમર્પિત રહ્યું છે અને દેશસેવા તથા રાષ્ટ્રપ્રેમની તેમની તપસ્યા વિશ્વમાં દુર્લભ ઉદાહરણ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતના ભવ્ય ભવિષ્યનો મજબૂત પાયો નાખ્યો છે અને હવે તેને ૨૦૪૭ના વિકસિત ભારતના લક્ષ્ય સુધી પહોંચાડવાની જવાબદારી ભાજપા કાર્યકર્તાઓએ અને નાગરિકોએ પોતાના શિરે લીધી છે. તેમણે જણાવ્યું કે ભાજપા કાર્યકર્તાઓ સરકાર અને સામાન્ય માનવી વચ્ચે જીવંત સેતુ બનીને છેવાડાના લાભાર્થી સુધી આયુષ્માન ભારત, મુદ્રા લોન સહિતની યોજનાઓ પહોંચાડવા માટે કાર્યરત છે અને પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના 'અંત્યોદય'ના વિચારને સાકાર કરવા પ્રતિબદ્ધ છે. વિપક્ષ દ્વારા સોશિયલ મીડિયા અને અન્ય માધ્યમોથી ચલાવવામાં આવતા જૂઠા નેરેટિવ અને ભ્રામક પ્રચારનો તથ્યો અને હકીકતોના આધારે જડબાતોડ જવાબ આપવા ભાજપા કાર્યકર્તાઓ પ્રતિબદ્ધ છે. આ પ્રસંગે ભાજપાના વરિષ્ઠ નેતા વડીલ મુરબ્બીશ્રી સુરેન્દ્રકાકા ઉપસ્થિત રહ્યા હતા.



## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના'નો ૨૩મો હપ્તો રિલીઝ કર્યો

# પ્રાકૃતિક ખેતીથી જમીનની ગુણવત્તામાં સુધારો થાય છે, ઉત્પાદનક્ષમતા જળવાઈ રહે છે અને ખેડૂતોને બજારમાં સારા ભાવ મળવાની શક્યતાઓ વધે છે – મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પશ્ચિમ બંગાળના તારકેશ્વર-હુગલી ખાતેથી "પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના"નો ૨૩મો હપ્તો રિલીઝ કરીને દેશના દેશના ૯.૪૪ કરોડ ખેડૂતોના બેંક ખાતામાં કુલ રૂ. ૧૮,૮૮૦ કરોડથી વધુની સહાય જમા કરી છે. ગુજરાતના ૫૧.૨૮ લાખ ધરતીપુત્રોને રૂ. ૧,૦૨૫ કરોડથી વધુની સહાય પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાના આ ૨૩મા હપ્તામાં મળી છે. મુખ્યમંત્રીશ્રીના હસ્તે ખેડૂત લાભાર્થીઓને કૃષિ, બાગાયતની વિવિધ ખેતીલક્ષી યોજનાઓની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ખેડૂતોની આવકમાં વધારો થાય, ખેતી વધુ સમૃદ્ધ બને અને ગ્રામ્ય અર્થતંત્ર મજબૂત બને તે દિશામાં સરકાર સતત કાર્યરત છે. ખેડૂતોની સમૃદ્ધિ, પાણીનું સંરક્ષણ, પ્રાકૃતિક ખેતી અને આધુનિક કૃષિ વ્યવસ્થાના માધ્યમથી ગુજરાતને કૃષિ ક્ષેત્રે વધુ મજબૂત બનાવવાનો રાજ્ય સરકારનો સંકલ્પ છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સુશાસનનાં ૧૨ વર્ષ પૂર્ણ થયાં છે. આ ૧૨ વર્ષમાં ખેડૂતોના હિતને કેન્દ્રમાં રાખીને અનેક ઐતિહાસિક નિર્ણયો અને લોકકલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવ્યાં છે. રાજ્ય સરકારે પણ ખેડૂતોના કલ્યાણને કેન્દ્રમાં રાખીને ખેતીને વધુ આત્મનિર્ભર, ટકાઉ અને સમૃદ્ધ બનવાના અનેક સફળ પ્રયાસો કર્યા છે. તેમણે કહ્યું કે, ખેડૂતોની સૌથી મોટી જરૂરિયાત પાણી છે. પાણી વિના ખેતીની મુશ્કેલીઓ કેવી રીતે વધી શકે તેનો અનુભવ ગુજરાતે કર્યો છે. અગાઉ મોટા ભાગે વરસાદ આધારિત ખેતી થતી હતી, પરંતુ આજે નર્મદા આધારિત સિંચાઈ વ્યવસ્થા અને નહેરોના વિસ્તરણના આયોજનથી અનેક વિસ્તારોમાં ખેડૂતો વધુ ઉત્પાદન મેળવી રહ્યા છે અને ત્રણેય સિઝનમાં પાક લેતા થયા છે.




મુખ્યમંત્રીશ્રીએ ઓછા વરસાદની પરિસ્થિતિમાં આયોજનબદ્ધ ખેતી માટે આહ્વાન કરતાં જણાવ્યું હતું કે, આ વર્ષે અલ-નીનોની અસરને કારણે વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાનની બદલાતી પરિસ્થિતિમાં ખેડૂતોને ગભરાવાની જરૂર નથી, પરંતુ વૈજ્ઞાનિક અભિગમ સાથે ઓછા પાણીની જરૂરિયાત



ધરાવતા પાકો અને યોગ્ય બીજની પસંદગી કરીને આયોજનબદ્ધ ખેતી કરવા માટે ભાર મૂકવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, ખેડૂતોને સિંચાઈ માટે વધુ સુવિધા મળી શકે તે માટે સરકાર દ્વારા નર્મદાના પાણીનો યોગ્ય ઉપયોગ કરીને તળાવો અને ડેમોમાં પાણી સંગ્રહ કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. તેમણે ખેડૂતો માટે રાજ્ય સરકારના મહત્ત્વના નિર્ણયનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, નર્મદા કમાન્ડ વિસ્તાર આસપાસનાં તળાવો ભરવાની મર્યાદા ૩ કિમીથી વધારીને ૭ કિમી કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ નાના ખેડૂતોને ફાયદો કરાવતા નિર્ણય અંગે કહ્યું કે, ખેડૂતોના પાકનું રક્ષણ થાય તે માટે તારની વાડ (ફેન્સિંગ) યોજનામાં મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ પાંચ હેક્ટર સુધીની મર્યાદા હતી, નાના અને સીમાંત ખેડૂતો પણ તેનો લાભ મેળવી શકે તે માટે આ મર્યાદા ઘટાડીને હવે ૧ હેક્ટર સુધી કરવામાં આવી છે. સાથે સાથે ખેડૂતોને યોગ્ય સમયે અને યોગ્ય ભાવ સાથે પોતાની ઊપજનું વેચાણ કરી શકે તે માટે ખેતપેદાશોના સંગ્રહ માટે સ્ટોરેજ સુવિધાઓ વધારવા પર પણ ભાર મૂક્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ખેતીની સાથે જમીનનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે 'ખેત બચાવો અભિયાન' અંતર્ગત વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સ્વસ્થ જમીનથી ગુણવત્તાયુક્ત પાક મળે છે અને માનવ સ્વાસ્થ્ય પર પણ સકારાત્મક અસર થાય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રાકૃતિક ખેતીને ખેડૂતો માટે નવી તક ગણાવતાં કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતીનું અભિયાન આગળ વધી રહ્યું છે. જમીનની કુદરતી શક્તિ જળવાઈ રહે તે માટે રાજ્ય સરકાર પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપે છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી પણ ગામે ગામ જઈને ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની ટેકનિક અને તેના લાભો અંગે માર્ગદર્શન આપી રહ્યા છે. તેમણે જળ સંરક્ષણ માટે અમૃત સરોવર અને 'કેચ ધ રેન' અભિયાન અંગે જણાવ્યું હતું કે, દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવર બનાવવાના લક્ષ્યાંક કરતા વધુ સરોવરોનું નિર્માણ કર્યું છે. આ અભિયાન હેઠળ વરસાદી પાણી જમીનમાં ઉતારી ભૂગર્ભ જળસ્તર વધારવા માટે પ્રયાસો થઈ રહ્યા છે એ માટે દરેક ધારાસભ્યને રૂ. ૫૦ લાખની ફાળવણી કરીને રિચાર્જિંગ બોર સહિતનાં જળ સંરક્ષણ કાર્યોને પ્રોત્સાહન આપવામાં આવે છે.

## ૨૦૧૯થી શરૂ થયેલી પીએમ કિસાન યોજના ખેડૂતોને બીજ, ખાતર અને દવા સહિતની જરૂરિયાતો માટે મોટો આર્થિક આધાર બની છે – કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી



કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કોઈ પણ વચેટિયા વગર સંપૂર્ણ પારદર્શી રીતે આજે ગુજરાતના ૫૧ લાખથી વધુ ખેડૂતોના ખાતામાં રૂ. ૧,૦૨૫ કરોડથી વધુની રકમ સીધી ટ્રાન્સફર થઈ છે. અત્યાર સુધીમાં દેશના ૧૧ કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં રૂ. ૪.૫૦ લાખ કરોડની સહાય સીધી ખેડૂતોના બેંક ખાતામાં જમા થઈ છે. વર્ષ ૨૦૧૯થી શરૂ થયેલી આ યોજના ખેડૂતોને બીજ, ખાતર અને દવા જેવી જરૂરિયાતો માટે મોટો આર્થિક આધાર બની છે. આ ઉપરાંત સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને ટેકાના ભાવે ખરીદી દ્વારા ગ્રામીણ અર્થતંત્ર મજબૂત બનાવી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સંવેદનશીલ નેતૃત્વની સરાહના કરતાં કૃષિ મંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં અનેક ઐતિહાસિક નિર્ણયો લીધા છે, જેમાં કૃષિ યાંત્રિકરણ માટે હજારો કરોડની સબસિડીથી લઈને કુદરતી આફતોના સમયે ઐતિહાસિક રૂ.૧૧,૦૦૦ કરોડનું રાહત પેકેજ જાહેર કર્યું છે. કટોકટીના સમયે નર્મદાનું પાણી છોડીને તળાવો-ડેમો ભરવા જેવા નિર્ણયોથી ગુજરાતના ખેડૂતો સુખી અને સમૃદ્ધ બન્યા છે.






# જી-૭ ના આંતરરાષ્ટ્રીય મંચ પર પીએમ શ્રી નરેન્દ્રભાઈ મોદીનો દબદબો

# શા માટે વિશ્વની મહાસત્તાઓ માટે 'નમો-ભારત' અનિવાર્ય બન્યું?

## બદલાતી વૈશ્વિક ક્ષિતિજો અને ભારતનું કદ

સમગ્ર વિશ્વના રાજકીય અને આર્થિક સમીકરણો વર્તમાન સમયમાં ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યાં છે. એક સમય એવો હતો જ્યારે પશ્ચિમી દેશો વૈશ્વિક નીતિઓ નક્કી કરતા હતા અને બાકીની દુનિયાએ માત્ર તેનું પાલન કરવું પડતું હતું. પરંતુ આજના આધુનિક યુગમાં ભારત વિના વૈશ્વિક મંચ સાવ અધૂરો ગણાય છે. વિશ્વના સાત સૌથી મોટા, શક્તિશાળી અને વિકસિત અર્થતંત્રોના સમૂહને જી-૭ તરીકે ઓળખવામાં આવે છે. આ સમૂહમાં કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, જાપાન, બ્રિટન અને અમેરિકા જેવા દેશો સામેલ છે. ભારત સત્તાવાર રીતે આ પ્રતિષ્ઠિત જૂથનો કાયમી સભ્ય દેશ નથી. આમ છતાં, આ સમૂહની ઉચ્ચ સ્તરીય બેઠકોમાં ભારતને વારંવાર અને સતત વિશેષ અતિથિ તરીકે આમંત્રણ આપવામાં આવે છે. તાજેતરમાં જ એક તસ્વીર વાયરલ થઈ છે તેમાં જોઈ શકાય છે કે વૈશ્વિક નેતાઓ વચ્ચે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને અપાતું અગ્રિમ સ્થાન અને સન્માન એ બાબતની જીવતીજાગતી સાબિતી છે કે વૈશ્વિક રાજનીતિનું કેન્દ્રબિંદુ હવે પશ્ચિમથી ખસીને પૂર્વ તરફ, એટલે કે ભારત તરફ આવી ચૂક્યું છે. આ અભૂતપૂર્વ પરિવર્તન પાછળ ભારતના દૂરંદેશી અને વિદેશનીતિના અદ્વિતીય જ્ઞાતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સક્ષમ નેતૃત્વ અને તેમની વૈશ્વિક સ્તરે સ્વીકૃત રાજદ્વારી કુશળતા રહેલી છે.

આપણે જોયું જ છે કે જ્યારે આ આંતરરાષ્ટ્રીય શિખર સંમેલનોમાં જૂથ તસવીર લેવામાં આવે છે, ત્યારે જી-૭ ના સભ્ય દેશોના કેટલાક મોટા નેતાઓ પણ પાછળની કે આજુબાજુની હરોળમાં જોવા મળે છે. તેની સામે યજમાન દેશના સર્વોચ્ચ નેતાની બિલકુલ નજીક મધ્યમાં ભારતના પ્રતિનિધિને સ્થાન આપવામાં આવે છે. આ દૃશ્ય માત્ર કોઈ ઔપચારિકતા કે સામાન્ય રાજદ્વારી શિષ્ટાચાર નથી, પરંતુ તે ભારતના વધતા જતા કદ અને વૈશ્વિક સ્તરે તેના અભૂતપૂર્વ પ્રભાવને સચોટ રીતે દર્શાવે છે. આ કોઈ નાનીસૂની બાબત નથી કે સભ્ય દેશો માટે જે પ્રકારનું ભવ્ય લાલ જાજમ સ્વાગત નથી હોતું, તેનાથી પણ વધુ વિશેષ આદર ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગમન સમયે પ્રોટોકોલ તોડીને કરવામાં આવે છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની આંતરરાષ્ટ્રીય સંબંધો પરની મજબૂત પકડ અને વૈશ્વિક નેતાઓ સાથેનો તેમનો આત્મીય સૂર જ ભારતની છબીને એક નવી ઊંચાઈ પર લઈ ગયો છે. આ આદર, વૈશ્વિક સ્વીકાર્યતા અને સન્માન પાછળ ભારતની આર્થિક, સૈન્ય અને પ્રભાવશાળી વહિવટી તાકાત જવાબદાર છે, જેના વિના આજની દુનિયા ચાલી શકે તેમ નથી.

## વસ્તી વિસ્ફોટથી વૈશ્વિક પૂંજી સુધી : શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિચક્ષણ પરિવર્તન વિઝન

અગાઉના દાયકાઓમાં પશ્ચિમી જગત અને જૂના અર્થશાસ્ત્રીઓ ભારતની વિશાળ જનસંખ્યાને એક 'નબળી કડી' અથવા દેશની પ્રગતિમાં અવરોધક 'જવાબદારી' (Liability) તરીકે જોતા હતા. પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસન, કૌશલ્યવિકાસ (Skill India) અને ડિજિટલ ક્રાંતિએ આ આખી માનસિકતાને ઉલટાવી દીધી છે. મોદીજીની વિચક્ષણ રાષ્ટ્રનીતિએ ભારતના કરોડો



સામાન્ય નાગરિકોના જીવનધોરણને ઊંચું લાવીને, તેમને દેશની સૌથી મોટી આર્થિક પુંજી (Asset) સ્વરૂપે રૂપાંતરિત પણ કરી દીધા અને ગૌરવાન્વિત પણ કરી દીધા છે. આજે આ જ વધેલી જનસંખ્યા તેના વધેલા આર્થિક સ્તર અને ખરીદશક્તિને કારણે વિશ્વનું સૌથી આકર્ષક અને અત્યાર સુધીનું સૌથી મોટું ગ્રાહક બજાર બનીને ઊભરી આવી છે, જેના સથવારે જી-૭ ના શક્તિશાળી દેશો પણ પોતાના આર્થિક અસ્તિત્વ માટે ભારત તરફ નજર દોડાવવા મજબૂર બન્યા છે.

માત્ર બજાર જ નહીં, પરંતુ પીએમ મોદીની દીર્ઘદૃષ્ટિથી આજે ભારત વિશ્વનું સૌથી વધુ 'કટિંગ-એજ' (અદ્યતન) ટેક્નોલોજી ઉત્પાદન કરતું અને ગ્લોબલ ઇનોવેશનનું હબ બન્યું છે. જ્યાં પશ્ચિમી દેશો યુવાનોની અછતનો સામનો કરી રહ્યા છે, ત્યાં ભારતના યુવાનો આજે પ્રધાનમંત્રીની પ્રેરણાથી વૈશ્વિક સ્તરે સૌથી વધુ કુશળ આઇટી પ્રોફેશનલ્સ, વૈજ્ઞાનિકો અને કૌશલ્યકારો (Skilled Workforce) તરીકે તૈયાર થઈ રહ્યા છે. સેમિકન્ડક્ટરથી લઈને ડિજિટલ પેમેન્ટ્સ અને સ્પેસ ટેક્નોલોજી સુધી ભારતની આ જે 'ડેમોગ્રાફિક ડિવિડન્ડ' એટલે કે યુવાશક્તિની તાકાત છે, તેણે જી-૭ દેશોને એ સ્વીકારવા મજબૂર કર્યા છે કે ભવિષ્યની દુનિયાનું નેતૃત્વ ભારતની આ નવી પૂંજી (માનવબળ)ના હાથમાં જ સુરક્ષિત છે.

## આર્થિક મોરચે ભારતની સર્વોપરિતા અને જીડીપી વૃદ્ધિ

ભારત આ આંતરરાષ્ટ્રીય આમંત્રણ અને અસાધારણ સન્માન માત્ર તેની ભૌગોલિક સ્થિતિ અથવા વસ્તીને કારણે નથી મેળવતું, પરંતુ તેની પાછળ ભારતની અપ્રતિમ અને અત્યંત મજબૂત આર્થિક ક્ષમતા રહેલી છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ એટલે કે આઈએમએફ (IMF) ના અંદાજો અને અહેવાલો પર નજર કરીએ તો, ભારતનો વાસ્તવિક જીડીપી (Gross Domestic Product) વૃદ્ધિ દર જી-૭ ના તમામ સાતેય વિકસિત દેશો કરતાં ઘણો વધારે છે. આજે ભારત સમગ્ર વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર બનીને ઊભરી આવ્યું છે. જ્યાં પશ્ચિમી દેશો આર્થિક મંદી, મોંઘવારી અને અતિ ધીમા વિકાસ દરનો સામનો કરી રહ્યા છે, ત્યાં ભારતનો વાસ્તવિક જીડીપી વિકાસ દર ૬.૫ ટકાની આસપાસ રહેવાનો અંદાજ છે.

આ આંકડાની સરખામણી જો જી-૭ ના દેશો સાથે કરવામાં આવે તો ઇટાલીનો જીડીપી ગ્રોથ માત્ર ૦.૫ ટકા, જર્મની અને બ્રિટનનો ૦.૮ ટકા, ફ્રાન્સનો ૦.૯ ટકા, કેનેડાનો ૧.૫ ટકા અને વિશ્વની સૌથી મોટી આર્થિક સત્તા ગણાતા અમેરિકાનો વિકાસ દર ૨.૩ ટકા રહેવાની સંભાવના છે. આ સરખામણી જ સ્પષ્ટ કરી દે છે કે વૈશ્વિક અર્થતંત્રને ગતિ આપવા માટે અત્યારે ભારત કેટલું અનિવાર્ય છે. ભારતની આ આર્થિક તાકાત અને અવિરત આગેકૂચ જ તેને પશ્ચિમી દેશોની હરોળમાં સૌથી મોખરાનું સ્થાન અપાવે છે.

## વિશાળ આંતરરાષ્ટ્રીય બજાર અને સક્ષમ માનવ સંસાધન

ભારત પાસે આજે ૧૪૦ કરોડથી વધુ ગ્રાહકો ધરાવતું દુનિયાનું સૌથી મોટું અને જીવંત બજાર છે. દુનિયાની કોઈપણ મોટી બહુરાષ્ટ્રીય કંપની ભારત જેવા વિશાળ બજારની ઉપેક્ષા કરવાની હિંમત કરી શકે તેમ નથી. આટલી મોટી વસ્તી માત્ર ચીજવસ્તુઓ ખરીદનારા ગ્રાહકો નથી, પરંતુ તેમાં કામ કરવાની ક્ષમતા ધરાવતો વિશ્વનો સૌથી મોટો યુવા વર્ગ સામેલ છે જેને આપણે કાર્યબળ કહીએ છીએ. વિશ્વના અન્ય વિકસિત દેશો જેમ કે જાપાન કે યુરોપના દેશો જ્યારે વૃદ્ધ થતી વસ્તી અને શ્રમિકોની અછતની ગંભીર સમસ્યાથી ઝઝૂમી રહ્યા છે, ત્યારે ભારત પાસે અત્યંત કુશળ, શિક્ષિત અને મહેનતુ યુવાન માનવબળનો અખૂટ ભંડાર છે.

ઉત્પાદન ક્ષેત્રે પણ હવે વૈશ્વિક કંપનીઓ ચીન પરની પોતાની નિર્ભરતા ઘટાડવા માટે સક્રિય બની છે. ચીનના મજબૂત અને ભરોસાપાત્ર વિકલ્પ તરીકે આખી દુનિયા અત્યારે ભારત તરફ આશાભરી નજરે જોઈ રહી છે. ભારતમાં વ્યાપારી રોકાણ કરવા માટે વૈશ્વિક ઉદ્યોગપતિઓ અને રોકાણકારો હંમેશા ઉત્સુક રહે છે. આ સાનુકૂળ વાતાવરણને કારણે ભારત હવે માત્ર કાચો માલ સપ્લાય કરનાર કે ગ્રાહક દેશ મટીને આધુનિક ટેક્નોલોજી, વાહનો અને ઇલેક્ટ્રોનિક્સ સાધનોના વૈશ્વિક ઉત્પાદનનું એક બહુ મોટું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર બની રહ્યું છે.

## ગ્લોબલ સાઉથનો પ્રબળ અવાજ અને નેતૃત્વ

ભારતની વિશેષતા એ છે કે તે માત્ર પોતાના સ્વાર્થ કે આર્થિક વિકાસની વાત નથી કરતું, પરંતુ તે વિશ્વના તમામ વિકાસશીલ, અલ્પવિકસિત અને ગરીબ દેશો,



જેને વૈશ્વિક પરિભાષામાં 'ગ્લોબલ સાઉથ' તરીકે ઓળખવામાં આવે છે, તેમનો સૌથી પ્રબળ અવાજ બન્યું છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશી નીતિઓને કારણે ભારતે આંતરરાષ્ટ્રીય મંચો પર ગ્લોબલ સાઉથના હિતોની જે મજબૂત વકીલાત કરી છે, તેનાથી વૈશ્વિક પાવર બેલેન્સ બદલાયું છે. આફ્રિકા ખંડ, લેટિન અમેરિકા અને એશિયાના અનેક નાના-મોટા દેશો ભારતને પોતાના સાચા પ્રતિનિધિ અને મિત્ર તરીકે જુએ છે.

જ્યારે ભારત જી-૭ કે જી-૨૦ જેવા પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાનું વક્તવ્ય રજૂ કરે છે, ત્યારે તે માત્ર પોતાની પ્રગતિની ચર્ચા નથી કરતું, પરંતુ આ પછાત રહી ગયેલા કરોડો લોકોની ચિંતાઓ, અન્ન સુરક્ષા અને રસીકરણ જેવી પાયાની જરૂરિયાતોને પણ વાચા આપે છે. આ ભરોસાપાત્ર નેતૃત્વને કારણે જ પશ્ચિમી દેશો માટે ગ્લોબલ સાઉથ સાથે જોડાવા માટે ભારત સાથે સંબંધો મજબૂત કરવા અત્યંત અનિવાર્ય અને મજબૂરી બની ગયા છે.

## ભૌગોલિક અને વહિવટી સુરક્ષાનાં નવાં સમીકરણો

ભારત પોતાની ભૌગોલિક સ્થિતિને કારણે પ્રશાંત અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં એટલે કે ઇન્ડો-પેસિફિક સપ્લાય ચેઇનમાં સુરક્ષા અને સ્થિરતા જાળવવામાં અત્યંત કેન્દ્રીય અને મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વૈશ્વિક વેપાર માટેના દરિયાઈ માર્ગોની સુરક્ષા ભારતની નૌકાસેના અને સૈન્ય તાકાત વિના બિલકુલ સંભવ નથી.

આ ઉપરાંત, આધુનિક સમયના પડકારો જેવા કે કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), સાયબર સુરક્ષા, મેરિટાઇમ સિક્યુરિટી, ઊર્જા સુરક્ષા અને પર્યાવરણ પરિવર્તન (ક્લાઇમેટ ચેન્જ) જેવા જટિલ વિષયો પર ભારતની સક્રિય ભાગીદારી વગર કોઈ પણ આંતરરાષ્ટ્રીય સ્તરનો મોટો નિર્ણય લઈ શકાતો નથી. ભારત પાસે ઉચ્ચ તકનીકી જ્ઞાન અને પરંપરાગત પ્રાકૃતિક સંસાધનોનો એવો અદ્‌ભુત સમન્વય છે, જે ભવિષ્યની બદલાતી દુનિયાને એક સકારાત્મક અને સુરક્ષિત દિશા આપી શકે તેમ છે.

## માત્ર ફોલોઅરથી ગ્લોબલ લીડર બનવા સુધીની સફર

જો આપણે ભારતના ઇતિહાસ અને ભૂતકાળ પર નજર કરીએ તો, આઝાદી પછીના શરૂઆતના દાયકાઓમાં ભારત વૈશ્વિક સ્તરે મોટેભાગે પશ્ચિમી દેશો દ્વારા લેવાયેલા નિર્ણયોનું પાલન કરતો એટલે કે માત્ર એક ફોલોઅર દેશ બનીને રહ્યું હતું. પશ્ચિમી દેશો જે નીતિઓ, નિયમો અને વ્યાપારી શરતો નક્કી કરતા, ભારતે મજબૂરીમાં કે વૈશ્વિક પ્રવાહમાં ટકી રહેવા માટે તેમાં અનુકૂલન સાધવું પડતું હતું.

પરંતુ આજે ૨૦૨૬ના આધુનિક સમયમાં ચિત્ર સંપૂર્ણપણે પલટાઈ ગયું છે. વિદેશનીતિના અદ્વિતીય જ્ઞાતા એવા પ્રધાનમંત્રી મોદીના 'રાષ્ટ્ર પ્રથમ' (Nation First)ના મજબૂત વિઝનને કારણે ભારત હવે વૈશ્વિક ચર્ચાઓ, આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને આર્થિક નીતિઓને પોતાની શરતો પર આકાર આપી રહ્યું છે. ભલે તે રશિયા-યુક્રેન જેવો મોટો ભૌગોલિક વિવાદ હોય, મધ્ય-પૂર્વનું સંકટ હોય કે પછી વૈશ્વિક અન્ન અને ઊર્જા સંકટ હોય, ભારતનું સત્તાવાર વલણ શું છે તેના પર આખી દુનિયાના શક્તિશાળી દેશોની નજર ટકેલી રહે છે. ભારતની સહમતી કે સંમતિ વિના વૈશ્વિક પ્લેટફોર્મ પર કોઈ પણ મોટો પ્રસ્તાવ સહેલાઈથી પસાર કરવો હવે અમેરિકા કે યુરોપ માટે પણ લોઢાના ચણા ચાવવા જેવું મુશ્કેલ બન્યું છે.

## એક નવી વૈશ્વિક મહાશક્તિ તરીકે ભારતનો ઉદય

ભારત હવે માત્ર એશિયા ખંડનો એક મોટો દેશ કે નકશા પરનું ભૌગોલિક સ્થાન નથી, પરંતુ તે એક મજબૂત અને પ્રભાવશાળી વૈશ્વિક શક્તિ (Global Force) બની ચૂક્યું છે. જી-૭ સમૂહના તમામ શક્તિશાળી દેશો હવે એ સત્ય ખૂબ જ સારી રીતે સમજી ગયા છે કે ભારતના સક્રિય સહકાર, સમર્થન અને મિત્રતા વિના વિશ્વની અડધાથી વધુ આર્થિક કે રાજકીય સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવી શકાય તેમ નથી.

સતત આઠમી વખત ભારતને આ પ્રતિષ્ઠિત જૂથની સમિટમાં સન્માનપૂર્વક આમંત્રિત કરવું એ જ બાબત પુરવાર કરે છે કે સંગઠનનું સત્તાવાર સભ્યપદ હોવું કે ના હોવું એ હવે ગૌણ બાબત બની ગઈ છે; ખરી તાકાત તો દેશના આર્થિક વિકાસ, આંતરિક મજબૂતી અને તેના નૈતિક કદમાં રહેલી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિદેશનીતિના કારણે જ ભારત આજે વિશ્વ મંચ પર વિકસિત દેશોની સમકક્ષ બેસીને નૂતન વિશ્વના ભવિષ્યના નિર્માણમાં પોતાની સર્વોચ્ચ અને નિર્ણાયક ભૂમિકા ભજવી રહ્યું છે.

**– હિરેન કોટક**



## કલકત્તામાં INS અગ્રય, INS દુનાગિરી અને INS સંશોધનના ત્રણ તબક્કાનો કમિશનિંગ સમારોહ



# છેલ્લાં ૧૨ વર્ષોમાં થયેલી પ્રગતિ દર્શાવે છે કે જ્યારે નીતિઓ સ્પષ્ટ હોય, દિશા સાચી હોય અને આપણે સાથે મળીને કામ કરીએ ત્યારે દેશમાં કેટલો બદલાવ આવી શકે છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી

### INS સંશોધન

આજનો દિવસ ઘણી રીતે ખાસ છે. આખું વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઊજવી રહ્યું છે. આ પ્રસંગે બંગાળની આ મહાન ભૂમિની મુલાકાત લેવાની તક મળતાં મને ખૂબ આનંદ થાય છે. આ એ ભૂમિ છે જેણે ભારતના વિચારોને નવી દિશા આપી છે, ભારતના પુનર્જાગરણને વેગ આપ્યો છે અને જેણે સદીઓથી ભારતને સમુદ્ર દ્વારા વિશ્વ સાથે જોડ્યું છે. આજે, આ જ ભૂમિ પર, આત્મનિર્ભર ભારત, સુરક્ષિત ભારત અને વિકસિત ભારત સાથે જોડાયેલી એક મહત્વપૂર્ણ ઘટના બની રહી છે. થોડા સમય પહેલા, INS અગ્રય, INS દુનાગિરી અને INS સંશોધનને ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યા હતાં. માર્ગ દ્વારા આજે ૨૧ જૂન, "વિશ્વ જળગ્રાફી દિવસ" તરીકે પણ ઊજવવામાં આવે છે. અને તે એક અદ્ભુત સંયોગ છે કે આ દિવસે આપણે ભારતના સૌથી અદ્યતન જળગ્રાફી જહાજ, "INS સંશોધન" ને કાર્યરત કર્યું છે. હું ભારતીય નૌકાદળ, આ પ્રોજેક્ટ્સમાં સામેલ તમામને મારી શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવું છું.

### INS વિક્રાંતથી આજ સુધીની સફર ભારતની વધતી જતી આત્મનિર્ભરતાની સફર છે

મિત્રો, થોડાં વર્ષો પહેલાં, જ્યારે આપણે INS વિક્રાંત રાષ્ટ્રને સમર્પિત કર્યું ત્યારે ભારતે તેના દરિયાઈ કૌશલ્યમાં એક નવા અધ્યાયની જાહેરાત કરી; તે વિશ્વ સમક્ષ આપણી શક્તિની ઘોષણા હતી. INS વિક્રાંતથી આજ સુધીની સફર ફક્ત નવાં યુદ્ધજહાજોની સફર નથી. તે ભારતની વધતી જતી આત્મનિર્ભરતાની પણ સફર છે. આજે, INS અગ્રયા, INS દુનાગિરી અને INS સંશોધનક તે સફરને નવી ગતિ આપી રહ્યા છે. આ ત્રણ જહાજો ભારતના ત્રણ મહત્વપૂર્ણ સંકલ્પોનું પણ પ્રતીક છે. તે ભારતમાં બનાવવામાં આવ્યા હતા. તે ભારતમાં ડિઝાઇન કરવામાં આવ્યા હતા. ભારતીય ઉદ્યોગોની ચાતુર્ય, ભારતીય ઇજનેરોની કુશળતા અને ભારતીય કામદારોની મહેનત તેમના નિર્માણમાં સામેલ હતી. અને આ નવા ભારતની સૌથી મોટી તાકાત છે.

### તાજેતરના વર્ષોમાં, ૪૦થી વધુ મેડ-ઇન-ઇન્ડિયા યુદ્ધ જહાજો અને સબમરીન નૌકાદળમાં જોડાયાં

ભારત હવે સંરક્ષણ ક્ષેત્રમાં ફક્ત ખરીદદાર રહેવા માંગતું નથી. આપણી લશ્કરી શક્તિ વિશ્વ માટે બજાર બની શકતી નથી. મારી તાકાત વૈશ્વિક બજાર બનવાથી નક્કી થતી નથી; મારી શક્તિની તાકાત મારી આત્મનિર્ભરતા દ્વારા નક્કી થાય છે. ભારત ઉત્પાદક બનવા માંગે છે. અને જે દિવસે આપણે ઉત્પાદક બનીશું, તે દિવસે આપણે નિર્ણાયક પણ બનીશું. અને આપણે આ દિશામાં ઝડપથી આગળ વધી રહ્યા છીએ. તાજેતરનાં વર્ષોમાં, ૪૦થી વધુ મેડ-ઇન-ઇન્ડિયા યુદ્ધજહાજો અને સબમરીન નૌકાદળમાં જોડાયાં છે. આનો અર્થ એ છે કે ભારતીય નૌકાદળ લગભગ દર થોડા અઠવાડિયે એક નવી તાકાત મેળવી રહ્યું છે. હાલમાં, ૪૫ મુખ્ય નૌકાદળ પ્લેટફોર્મ નિર્માણાધીન છે. આ ફક્ત એક સંખ્યા નથી. તે ભારતની ઔદ્યોગિક ક્ષમતાનો પુરાવો છે. તે ભારતના ભવિષ્યનો સંકેત છે.



દરિયાઈ ક્ષેત્રમાં આવનારાં વર્ષોમાં લાખો નવી નોકરીઓનું સર્જન કરવાની ક્ષમતા છે. આ જ કારણ છે કે આપણે દરિયાઈ ક્ષેત્રને ફક્ત એક અલગ ક્ષેત્ર માનતા નથી. આપણે તેને વિકસિત ભારતના રોજગાર એન્જિન તરીકે જોઈએ છીએ. એક આધુનિક જહાજ માટે સેંકડો ટન સ્ટીલ, ઇલેક્ટ્રોનિક્સ, મશીનરી અને હજારો ભાગોની જરૂર પડે છે. અને આ બધા પાછળ હજારો કંપનીઓ કામ કરે છે જેથી હજારો યુવાનોને પણ રોજગાર મળે છે. આજે કાર્યરત થયેલા ત્રણ જહાજોના નિર્માણમાં ૨૦૦થી વધુ MSMEએ ફાળો આપ્યો છે. આ ૨૦૦ MSME, આ નાના ઉદ્યોગોમાં કેટલી નોકરીઓનું સર્જન થયું હશે.

## જહાજ નિર્માણ ક્ષેત્ર માટે એક નવું વિઝન

મિત્રો, ભારત માટે દરિયાઈ શક્તિના આગામી તબક્કામાં પ્રવેશવાનો સમય આવી ગયો છે. તેથી, ભારતે જહાજ નિર્માણ ક્ષેત્ર માટે એક નવું વિઝન શરૂ કર્યું છે. તાજેતરના વર્ષોમાં અનેક નીતિગત સુધારા હાથ ધરવામાં આવ્યા છે. સ્થાનિક ઉત્પાદન ક્ષમતા વધારવા માટે ખાસ પગલાં લેવામાં આવ્યાં છે. જહાજ નિર્માણ, જહાજ સમારકામ, જહાજ રિસાયક્લિંગ અને MROને એક મુખ્ય રાષ્ટ્રીય મિશન તરીકે જોવામાં આવી રહ્યું છે. શિપિંગ ક્ષેત્ર માટે જાહેર કરાયેલ રૂ.૭૦,૦૦૦ કરોડનું પ્રોત્સાહન પેકેજ ફક્ત આર્થિક નિર્ણય નથી. તે ભારતના દરિયાઈ ભવિષ્યમાં રોકાણ છે. તે ભારતના ઔદ્યોગિક વિસ્તરણમાં રોકાણ છે. આજે, ભારત તેના સમગ્ર દરિયાઈ ઇકોસિસ્ટમને સશક્ત બનાવી રહ્યું છે. તેથી, ભારત તેના બંદરોનું આધુનિકીકરણ કરી રહ્યું છે, નવી ક્ષમતા બનાવી રહ્યું છે અને નવી કનેક્ટિવિટી બનાવી રહ્યું છે. નદીના જળમાર્ગોનો વિસ્તાર કરી રહ્યું છે અને મલ્ટી – મોડલ લોજિસ્ટિક્સ નેટવર્ક્સ વિકસાવી રહ્યું છે. સાગરમાલા જેવી પહેલો આ વ્યાપક દૃષ્ટિકોણનો ભાગ છે. આનાથી વેપારનો ખર્ચ ઘટી રહ્યો છે, નવા ઉદ્યોગો ઉત્તેજિત થઈ રહ્યા છે અને દરિયાકાંઠાના વિસ્તારોમાં નવી તકોનું સર્જન થઈ રહ્યું છે.

## સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાને પ્રાથમિકતા

મિત્રો, એક સમય હતો જ્યારે ભારતને વિશ્વના સૌથી મોટા સંરક્ષણ આયાતકારોમાંના એક તરીકે ઓળખવામાં આવતી હતી. આ નિર્ભરતાને કારણે, આપણે વ્યૂહાત્મક અને સુરક્ષા બંને પડકારોનો સામનો કરવો પડ્યો. ૨૦૧૪માં સરકાર બનાવ્યા પછી, અમે પરિસ્થિતિ બદલવાનો સંકલ્પ કર્યો. આ માટે, નીતિ સ્તરે મોટા સુધારા કરવામાં આવ્યા અને સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાને પ્રાથમિકતા આપવામાં આવી. આ પ્રયાસોના પરિણામે, સંરક્ષણ ક્ષેત્રમાં ડિઝાઇન, ઉત્પાદન અને નિકાસની નવી શક્યતાઓ ઊભરી આવી છે. ૨૦૧૪ સુધી, દેશનું કુલ સંરક્ષણ ઉત્પાદન લગભગ ૪૦ હજાર કરોડ રૂપિયા હતું. આજે, તે વધીને આશરે ૧ લાખ ૮૦ હજાર કરોડ રૂપિયા થઈ ગયું છે. અને મિત્રો, એક તરફ, દેશમાં સંરક્ષણ ઉત્પાદન ઝડપથી વધ્યું છે, તો બીજી તરફ, આપણી સંરક્ષણ નિકાસ અભૂતપૂર્વ ગતિએ વધી રહી છે. ૨૦૧૪ સુધી, ભારતે આશરે રૂ. ૭૦૦ કરોડ મૂલ્યના સંરક્ષણ ઉત્પાદનોની નિકાસ કરી હતી. આજે, આ આંકડો લગભગ રૂ.૪૦,૦૦૦ કરોડ સુધી પહોંચી ગયો છે. ભારતમાં ઉત્પાદિત સંરક્ષણ સાધનો હવે વિશ્વના ૮૦ થી વધુ દેશોમાં પહોંચે છે.

મિત્રો, આત્મનિર્ભરતા તરફની સફરમાં હજુ ઘણું કરવાનું બાકી છે. મારા મતે, આ તો ફક્ત શરૂઆત છે, પરંતુ છેલ્લા ૧૨ વર્ષોમાં થયેલી પ્રગતિ દર્શાવે છે કે જ્યારે નીતિઓ સ્પષ્ટ હોય, દિશા સાચી હોય અને આપણે સાથે મળીને કામ કરીએ ત્યારે દેશમાં કેટલો બદલાવ આવી શકે છે.

મિત્રો, જ્યારે દરિયાઈ વારસાની વાત આવે છે, ત્યારે સ્વાભાવિક રીતે બંગાળનો વિચાર આવે છે. તે ભારતનાં દરિયાઈ જોડાણો માટે પણ એક મહત્વપૂર્ણ ભૂમિ રહી છે. હુગલીના પ્રવાહોએ ઇતિહાસના બદલાતા પ્રવાહનો સાક્ષી બન્યો છે, વેપારમાં નવા અધ્યાયો જોયા છે અને વિકાસની નવી યાત્રાઓનો સાક્ષી બન્યો છે. અને સંયોગથી, આ બંદરનું નામ બંગાળના પુત્ર, દેશના પ્રથમ ઉદ્યોગ પ્રધાન, ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના નામ પરથી રાખવામાં આવ્યું છે. મિત્રો, ભારત એક નવા દરિયાઈ યુગ તરફ આગળ વધી રહ્યું છે. પશ્ચિમ બંગાળ આમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમાં બંદરો, ઉદ્યોગો, પ્રતિભા, કુશળતા અને દરિયાઈ અર્થતંત્રને નવી ઊંચાઈઓ પર લઈ જવાની ક્ષમતા છે. મને વિશ્વાસ છે કે આગામી વર્ષોમાં, પશ્ચિમ બંગાળ ભારતના વાદળી અર્થતંત્ર, દરિયાઈ ઉત્પાદન, લોજિસ્ટિક્સ અને દરિયાકાંઠાના વિકાસ માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે.



**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારનાં સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં ખેડૂત સંમેલન યોજાયું**



# આજે કોંગ્રેસ ખેડૂતોના નામે રાજનીતિ કરે છે, આ એ જ કોંગ્રેસ છે જેણે તેની સરકારમાં ખેડૂતોને ગોળીઓ ધરબી હતી - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સશક્ત નેતૃત્વમાં કેન્દ્ર સરકારનાં સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ચાલી રહેલા "વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ અભિયાન" અંતર્ગત રાજકોટ જિલ્લાના ગોંડલ ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં ખેડૂત સંમેલન યોજાયું હતું.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ અન્નદાતા એવા ખેડૂતોને વંદન કરીને પોતાના સંબોધનની શરૂઆત કરી હતી અને જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રની મહેમાનગતિ, આત્મીયતા અને ખેડૂતોનો પ્રેમાળ આવકાર અનેરો અને ગૌરવપૂર્ણ છે. કોઈએ સાચા અર્થમાં આવકાર અને આત્મીયતાનો અનુભવ કરવો હોય તો સૌરાષ્ટ્રની ધરતી પર આવવું જોઈએ. તેમણે ગોંડલના પ્રજાવત્સલ શાસક મહારાજા ભગવતસિંહજીને યાદ કરતાં જણાવ્યું હતું કે તેમના દ્વારા દર્શાવવામાં આવેલું સુશાસનનું મોડેલ આજે પણ પ્રેરણાદાયી અને અનુસરવા યોગ્ય છે. રાજ્યના સર્વાંગી વિકાસ માટે ઉત્તમ માર્ગ-વ્યવસ્થા, ગુણવત્તાયુક્ત શિક્ષણ, આરોગ્ય અને જનસુવિધાઓ કેવી હોવી જોઈએ તેનો ઉત્તમ દાખલો તેમણે પોતાના શાસનકાળ દરમિયાન પ્રસ્થાપિત કર્યો હતો. આવા દૂરંદેશી નેતૃત્વથી જ રાજ્યમાં વિકાસની સુવાસ પ્રસરે છે અને પ્રજાના જીવનમાં સુખ-સમૃદ્ધિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ અને ગુજરાતના ખેડૂતોના જીવનમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. આજે ખેડૂતોને તેમની ઊપજના યોગ્ય ભાવ મળે, સિંચાઈની પૂરતી સુવિધા ઉપલબ્ધ બને અને કૃષિને નફાકારક વ્યવસાયમાં રૂપાંતરિત કરવામાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. તેમણે જણાવ્યું કે ગોંડલ એપીએમસીમાં આશરે રૂા. ૧૨ હજાર કરોડથી વધુનું ટર્નઓવર થાય છે, જે સૌરાષ્ટ્રના કૃષિ અર્થતંત્રની શક્તિ દર્શાવે છે. ખેડૂતોના હિત માટે સરકાર દ્વારા ટેકાના ભાવે કરવામાં આવતી ખરીદીનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે દેશમાં ૧૨ વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા ૨૬ લાખ કરોડ રૂપિયાની ટેકાના ભાવે ખરીદી કરી છે. ગત વર્ષે સમગ્ર ગુજરાતમાં રૂા. ૧૨,૬૪૬.૯૭ કરોડના મૂલ્યની ૧૭,૪૧,૨૮૭ મેટ્રિક ટન મગફળીની ખરીદી કરવામાં આવી હતી. ઉપરાંત રૂા.૪૧૭.૮૨ કરોડના મૂલ્યની ૭૮,૪૨૦ મેટ્રિક ટન સોયાબીન, રૂા. ૨૩.૭૪ કરોડના મૂલ્યની ૩,૦૪૪ મેટ્રિક ટન અડદ તથા રૂા.૬૪૪.૫૩ કરોડના મૂલ્યની ૮૦,૫૬૫ મેટ્રિક ટન તુવેરની ખરીદી કરીને ખેડૂતોને બજારની અનિશ્ચિતતાથી સુરક્ષા આપવાનું કામ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સતત "Back to Basic"ના મંત્ર સાથે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપી રહ્યા છે. પ્રાકૃતિક ખેતી, આધુનિક ટેકનોલોજી અને સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈને કૃષિને વધુ સમૃદ્ધ



બનાવવાનો સમય આવી ગયો છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ખેડૂતોની આવક વધારવા, કૃષિને આત્મનિર્ભર બનાવવા અને ગામડાંના સર્વાંગી વિકાસ માટે સરકાર કટિબદ્ધ છે. પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતને તેના ઉત્પાદનના સારા ભાવ મળે તેની ચિંતા પ્રધાનમંત્રી મોદીની સરકાર કરી રહી છે તેમણે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવી ખેતી ખર્ચ ઘટાડવા અને વધુ આવક મેળવવા માટે આગળ આવવા અનુરોધ કર્યો હતો.

કોંગ્રેસ પર પ્રહાર કરતાં શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે આજે કોંગ્રેસ ખેડૂતોને ભરમાવવાનો અને આડા રસ્તે દોરવાનો પ્રયાસ કરી રહી છે, આજે કોંગ્રેસ ખેડૂતોના નામે રાજનીતિ કરે છે, આ એ જ કોંગ્રેસ છે જેણે તેની સરકારમાં ખેડૂતોને ગોળીઓ ધરબી હતી. તેના જ્યારે ભાજપ સરકાર ખેડૂતોને સન્માન અને સુરક્ષા આપવાના માર્ગે આગળ વધી રહી છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ દ્વારા ખેડૂતોના ખાતામાં દર વર્ષે સીધી આર્થિક સહાય જમા થાય છે અને સાચા અર્થમાં ખેડૂતોનું સન્માન કરવામાં આવે છે. તેમણે જણાવ્યું કે કોંગ્રેસના શાસનમાં એ દિવસો હતા જ્યારે અમદાવાદ-ગાંધીનગરથી ટ્રેનને લીલી ઝંડી અપાતી, પણ એ ટ્રેનમાં પેસેન્જર નહીં, પાણીનાં ટેન્કર આવતાં હતાં. રાજ્યમાં ટેન્કર રાજની સ્થિતિ હતી, જ્યારે ભાજપ સરકાર અને શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ ટેન્કર રાજનો અંત આવ્યો છે, ગામડે-ગામડે, ખેતરે-ખેતરે પાણી પંહોચ્યું છે.

શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે આજે જે પાણી અને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ છે તેની પાછળ લાંબી સંઘર્ષગાથા રહેલી છે. આજથી ૨૫ વર્ષ પહેલાં માતા-બહેનોને માથે બેડાં ઊંચકી પાણી લેવા જવું પડતું હતું અને સિંચાઈ માટે દૂર દૂર સુધી કોઈ વ્યવસ્થા નહોતી. જો લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના સપનાનું સરદાર સરોવર ડેમનું સપનું સાકાર ન થયું હોત અને નર્મદા યોજના આગળ ન વધી હોત તો આજે ગુજરાતના અનેક ખેડૂતોને હિજરત કરવાની ફરજ પડી હોત. તેમણે યાદ અપાવ્યું કે એક સમય એવો હતો જ્યારે સૌરાષ્ટ્રમાં પાણીની એટલી અછત હતી કે ત્યાં દીકરી આપવાનું પણ લોકો ટાળતા હતા. ધંધુકા વિશે તો કહેવત પ્રચલિત હતી કે “ગોળીએ દેજો પણ ધંધુકામાં દીકરી ન દેતા”, કારણ કે ત્યાં પાણીની ભારે તંગી હતી. આવી વિકટ પરિસ્થિતિમાંથી ગુજરાતને બહાર લાવવાનું કામ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કર્યું હતું. સરદાર સરોવર ડેમની ઊંચાઈ વધારવા માટે પણ તેમણે ઉપવાસ સુધીનો સંઘર્ષ કર્યો હતો. આજે ગુજરાતમાં ઘેરઘેર પીવાનું પાણી અને ખેતરમાં સિંચાઈનું પાણી પહોંચે છે તો તેનું મોટું શ્રેય શ્રી નરેન્દ્રભાઈ મોદીના દઢ નેતૃત્વને ફાળે જાય છે.

શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પીએમ કુસુમ સોલર પંપ સબસિડી, નમો ડ્રોન દીદી યોજના, ટ્રેક્ટર ખરીદી સહાય, તાર ફેન્સિંગ માટે સબસિડી તથા સ્માર્ટફોન ખરીદી માટે ૪૦ ટકા અથવા રૂ. ૬,૦૦૦ સુધીની સહાય જેવી અનેક યોજનાઓ દ્વારા ખેડૂતોને સશક્ત બનાવવામાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે ખેડૂતો જે યુરિયાની થેલી રૂ. ૨૬૬માં મેળવે છે તેની પાછળ કેન્દ્ર સરકારની વિશાળ સબસિડી છે, કારણ કે આ થેલીનો વાસ્તવિક ખર્ચ રૂ. ૨,૫૦૦થી વધુ થાય છે. ખેડૂતોના હિતને સર્વોપરી રાખીને સરકાર સતત કાર્યરત છે. ૧૪૫ જેટલી યોજનાઓ ખેડૂતો માટે કાર્યરત છે.







૨૦૧૪ પછીના ભારતની વિકાસયાત્રાને જોવામાં આવે તો સ્પષ્ટપણે અનુભવાય છે કે દેશે સામાન્ય જનની સુખાકારી, ગરીબ કલ્યાણ, રાષ્ટ્ર સંરક્ષણ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટેક્નોલોજી, ઊર્જા અને વૈશ્વિક પ્રતિષ્ઠાના ક્ષેત્રે એક નવા યુગમાં પ્રવેશ કર્યો છે.

ગુજરાતને સંબંધ છે ત્યાં સુધી વડાપ્રધાન તરીકે શપથ લીધાના માત્ર ૧૭મા દિવસે જ શ્રી નરેન્દ્રભાઈએ રાષ્ટ્રની સરદાર સરોવર યોજનાના સંદર્ભમાં જે નિર્ણય લીધો તે માત્ર ગુજરાત માટે જ નહીં પરંતુ ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના કૃષિવિકાસની દૃષ્ટિએ સીમાચિહ્નરૂપ લેખાશે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ છેલ્લાં બાર વર્ષ દરમિયાન ભારતે અનેક

# વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં બાર વર્ષની વિકાસયાત્રા બદલાતા ભારતના આત્મવિશ્વાસની પ્રતીતિ – શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા



શાસન નેતૃત્વમાં પરિવર્તન એટલે માત્ર શાસક કે સરકારમાં બદલાવ એવો જો આપણે સામાન્ય રીતે નિષ્કર્ષ કાઢતા હોઈએ તો કદાચ એ વાસ્તવિક નહીં લેખાય. સાચું શાસન પરિવર્તન એ સામાન્ય જનના કે સમગ્ર દેશના સર્વાંગી વિકાસમાં પરિવર્તન લાવે તેને કહેવાય. ભારતવર્ષને સંબંધ છે ત્યાં સુધી તેના સ્વાતંત્ર્ય કાળ પછીના તમામ શાસકોએ દેશના વિકાસ માટે જે-તે સમયે યથાયોગ્ય તમામ પ્રયાસો કર્યા, તેમાં તેઓ સફળ પણ રહ્યા.

વર્ષ ૨૦૧૪ પછી સમગ્ર દેશે રાષ્ટ્ર વિકાસની જે ગતિ પકડી છે તેને તુલનાત્મક રીતે નહીં પણ તેના યથાર્થ પ્રયાસોના ભાગરૂપે પણ જો આપણે મૂલવીએ તો સૌ કોઈ એ વાતનો સ્વીકાર કરશે કે સમગ્ર વિશ્વમાં ભારતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં એક આગવું હાંસલ કર્યું છે. સમગ્ર વિશ્વમાં તો ખરું જ પરંતુ પ્રત્યેક ભારતવાસીના હૃદયમાં વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગૌરવવંતુ સ્થાન હાંસલ કર્યું છે. એટલે જ તો વર્ષ ૨૦૧૪થી શરૂ કરીને દેશના ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે ૪૩૯૯ દિવસ પૂરા કર્યા છે. આ સિદ્ધિ સાચા અર્થમાં યશસ્વી સિદ્ધિ જ કહેવાય. વર્ષ

એવાં પરિવર્તનો જોયા છે, જે માત્ર આંકડાઓ સુધી મર્યાદિત નથી રહ્યા પરંતુ સામાન્ય નાગરિકના જીવનમાં પણ અસરકારક રીતે અનુભવાયા છે.

## ગરીબ કલ્યાણ અને જીવનસ્તરમાં સુધારો

શ્રી નરેન્દ્રભાઈએ સામાન્ય માનવી નાણાંકીય બચતનો અભિગમ કેળવીને આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી બને તેવા હેતુ સાથે અમલમાં મૂકેલ જનધન યોજના સાચા અર્થમાં અનેક ગરીબ પરિવારો માટે તેમનું જીવનધોરણ સુધારવામાં ઉપયોગી બની છે. એવી જ રીતે સ્વચ્છતા અને આરોગ્યની સુખાકારીની દૃષ્ટિએ અમલમાં મૂકાયેલ સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ૧૧ કરોડથી વધુ શૌચાલયોનું નિર્માણ થયું, જેના કારણે ખુલ્લામાં શૌચ જવાની સમસ્યા ઘટાડવામાં મદદ મળી. જળ જીવન મિશન અંતર્ગત નળથી પાણી પહોંચતા ઘરોની સંખ્યા ૧૭ ટકાથી વધીને ૮૦ ટકા કરતાં વધુ થઈ છે. ગરીબો માટે ચાર કરોડથી વધુ ઘરોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

દેશના ગરીબ વર્ગની આરોગ્ય સુખાકારીની



ચિંતા કરીને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૮માં શરૂ કરેલી આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અમલમાં મૂકી તે સામાન્યજનની સુખાકારીની દૃષ્ટિએ એક ક્રાંતિકારી યોજના કહી શકાય. આ યોજના અંતર્ગત ગરીબ-મધ્યમ પરિવારને રૂા. ૫ લાખ સુધીની કેશલેસ સારવારની સુવિધા મળે છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં અંદાજે ૧૧.૬૯ કરોડથી વધુ હોસ્પિટલ એડમિશન । સારવારના કેસોને મંજૂરી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં ૪૨ કરોડથી વધુ આયુષ્યમાન કાર્ડ લાભાર્થીઓને અપાયા છે.

## આત્મનિર્ભર ભારત અને ઉત્પાદનક્ષેત્રનો વિકાસ

મોબાઈલ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ભારતે મોટો ઉછાળો લીધો છે. વર્ષ ૨૦૧૪માં જ્યાં દેશમાં વર્ષે આશરે ૬ કરોડ મોબાઈલ ફોનનું ઉત્પાદન થતું હતું, ત્યાં આજે તે ૩૩ કરોડથી વધુ થઈ ગયું છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં પણ ભારતે પ્રથમ વખત મોટા પ્લાન્ટ અને ઓસેટ યુનિટ્સ સ્થાપવાના પ્રયાસો શરૂ કર્યા છે.

## ડિજિટલ ક્રાંતિ : વિશ્વને ચકિત કરતું ભારત

વર્ષ ૨૦૧૪માં દેશમાં ડિજિટલ પેમેન્ટનો વ્યાપ ખૂબ મર્યાદિત હતો. આજે ભારત દર મહિને ૧૮ અબજથી વધુ ડિજિટલ ટ્રાન્ઝેક્શન કરતો વિશ્વનો અગ્રણી દેશ બન્યો છે. યુપીઆઈ આધારિત વ્યવહારોએ નાના વેપારીઓથી લઈને સામાન્ય લોકો સુધી નાણાકીય વ્યવહારોને સરળ બનાવ્યા છે. ઈન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યા ૨૫ કરોડથી વધીને ૯૫ કરોડથી વધુ થઈ છે. ગામડાં સુધી ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક પહોંચાડવાના પ્રયત્નોથી બે લાખથી વધુ ગામો ડિજિટલ કનેક્ટિવિટી સાથે જોડાયા છે.

## ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઐતિહાસિક વધારો

દેશના એક્સપ્રેસ-વે નેટવર્કમાં આશ્ચર્યજનક વૃદ્ધિ થઈ છે. વર્ષ ૨૦૧૪માં આશરે એક હજાર કિલોમીટર જેટલા એક્સપ્રેસ-વે હતા, જ્યારે આજે તે ૬,૭૦૦ કિલોમીટરથી વધુ થયા છે. મેટ્રો રેલ નેટવર્ક ૨૫૦ કિલોમીટરથી વધીને એક હજાર કિલોમીટરથી વધુ થયું છે. એરપોર્ટોની સંખ્યા ૭૪માંથી વધીને ૧૬૦થી વધુ થઈ છે, જેના કારણે હવાઈ મુસાફરી સામાન્ય લોકો સુધી પહોંચી છે. રેલવે ક્ષેત્રમાં પણ વિશાળ પરિવર્તન આવ્યું છે. રેલવે વિદ્યુતીકરણ ૨૧ હજાર કિલોમીટરથી વધીને ૬૫ હજાર કિલોમીટરથી વધુ થયું છે. બંદરોની ક્ષમતા ૮૦૦ એમટીપીએથી વધીને ૨,૭૬૦ એમટીપીએથી વધુ થઈ છે. ગેસ પાઇપલાઇન નેટવર્ક અને ટ્રાન્સમિશન નેટવર્કમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

## ઊર્જા અને ગ્રીન ઈન્ડિયાની દિશામાં આગળ વધતું ભારત

સૌરઊર્જા ક્ષેત્રે ભારતે વર્ષ ૨૦૧૪માં માત્ર ૨.૬ ગીગાવોટ સૌર ક્ષમતા ધરાવતું ભારત આજે ૧૧૦ ગીગાવોટથી વધુ ક્ષમતાવાળો દેશ બન્યો છે. રિન્યૂએબલ એનર્જી ક્ષમતા ૩૨ ગીગાવોટથી વધીને ૨૨૦થી ૨૭૫ ગીગાવોટ સુધી પહોંચી છે. ઇથેનોલ બ્લેન્ડિંગ ૧.૫ ટકા પરથી વધીને ૨૦ ટકા સુધી પહોંચાડવામાં આવ્યું છે, જે ઊર્જા આત્મનિર્ભરતા તરફનું મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. ઇલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા માટે દેશભરમાં ૨૫ હજારથી વધુ ઈવી ચાર્જિંગ સ્ટેશનો ઊભાં થયાં છે. સીએનજી સ્ટેશનોની સંખ્યા ૭૩૮થી વધીને ૮,૬૦૦થી વધુ થઈ છે, જ્યારે પીએનજી ગેસ કનેક્શન ૨૫ લાખથી વધીને ૧.૬ કરોડ સુધી પહોંચ્યા છે. આમ, પર્યાવરણની જાળવણીની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ કામગીરી થઈ છે.

## વૈશ્વિક મંચ પર વધતી ભારતની પ્રતિષ્ઠા

ભારત આજે વિશ્વ રાજનીતિમાં વધુ સશક્ત અવાજ સાથે ઊભરતો દેશ બન્યો છે. જી-૨૦ની અધ્યક્ષતા હોય કે વૈશ્વિક અર્થતંત્રમાં ભારતની વધતી ભૂમિકા, વિશ્વ હવે ભારતને માત્ર વિકાસશીલ દેશ તરીકે નહીં પરંતુ વૈશ્વિક નેતૃત્વક્ષમ શક્તિ તરીકે મૂલવતું થયું છે. ઈસરો દ્વારા ચંદ્રયાન-૩ અને આદિત્ય એલ-૧ જેવાં અભિયાનોએ વિશ્વમાં ભારતની વૈજ્ઞાનિક શક્તિનું પ્રદર્શન કર્યું છે. કોરોના મહામારી દરમિયાન વિશ્વના અનેક દેશોને રસી અને દવાઓ પૂરી પાડીને ભારતે 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાને પણ ઉજાગર કરી. શ્રી નરેન્દ્ર મોદીના બાર વર્ષના સમયગાળા દરમિયાન ભારતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ ટેક્નોલોજી, ઊર્જા, ગરીબ કલ્યાણ અને વૈશ્વિક પ્રતિષ્ઠાના ક્ષેત્રે ઝડપી પરિવર્તનનો અનુભવ કર્યો છે. આ વિકાસયાત્રા માત્ર આંકડાઓની કહાણી નથી, પરંતુ બદલાતા ભારતના નવા આત્મવિશ્વાસની પણ સાક્ષી છે.



## ૨૫ જૂન કટોકટી – બંધારણ હત્યા દિવસ

# કોંગ્રેસે 'કટોકટી' જાહેર કરી આખાયે દેશને એક 'જેલખાનું' બનાવી દીધો હતો દેશનો કોઈ પ્રજાજન પોતાના વિચારો જાહેરમાં વ્યક્ત કરી શકતો નહોતો

ભારતીય જનતા પાર્ટી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા તેમજ લોકતંત્રની રક્ષાના સિદ્ધાંતોને લઇને દેશની રાજનીતિમાં કાર્યરત રાજકીય પાર્ટી છે. ભાજપાના કાર્યકરો માટે પાર્ટી કરતા દેશનું હિત હંમેશા મહત્ત્વનું રહ્યું છે. દેશને આતંકવાદથી મુક્ત કરવાનું આંદોલન હોય, કાશ્મીર ભારતનું અભિન્ન અંગ બની રહે તે માટેની લડાઈ હોય કે સ્વ. શ્રી ઇન્દિરા ગાંધી દ્વારા ૨૫ જૂન ૧૯૭૫માં લદાયેલ કટોકટી સામે લોકશાહી રક્ષાનું આંદોલન હોય ભાજપાએ દેશના વ્યાપક હિતમાં પરિશ્રમશીલ બની સમયે સમયે પોતાની ભૂમિકા ભજવી છે અને દેશ હિત માટે કાર્ય કર્યું છે. ભાજપ માને છે : Nation First. કટોકટીનાં ૫૦ વર્ષ પૂર્ણ થયા છે. ત્યારે ભૂતકાળ પર થોડો દૃષ્ટિપાત કરી લઈએ. ઘટનાક્રમની શરૂઆત ૧૨ જૂન ૧૯૭૫ના રોજ શરૂ થાય છે. સવારે ૧૦.૦૫ કલાકે સમાચાર આવે છે કે અલાહાબાદ હાઇકોર્ટે ઇન્દિરા ગાંધીને ચૂંટણીમાં અનુચિત આચરણના દોષી ઠેરવીને તેમનું સંસદનું સભ્ય પદ રદ કરી નાખ્યું. એ જ સાંજે વધુ એક ખરાબ સમાચાર આવ્યા કે ગુજરાતમાં કોંગ્રેસ ચૂંટણી હારી ગઈ. ત્યાં ઇન્દિરાએ જોરદાર ચૂંટણીપ્રચાર કર્યો હતો. પરંતુ યુવાનોનું નવનિર્માણ આંદોલન પરાજયનું કારણ બન્યું. ૨૪ જૂને સુપ્રીમ કોર્ટે અલાહાબાદ હાઇકોર્ટના નિર્ણય પર સ્ટે મૂકવાનો ઇનકાર કર્યો અને આદેશ આપ્યો કે ઇન્દિરા ગાંધીએ લોકસભાની કાર્યવાહીમાં ભાગ નહીં લઈ શકે કે મતદાન કરી શકશે નહીં. ૨૫ જૂનની રાત્રે ઇન્દિરા ગાંધીએ મંત્રીમંડળ સાથે ચર્ચા કર્યા વિના કટોકટી જાહેર કરી દીધી

દેશની રાજનીતિમાં ૨૫ જૂન ૧૯૭૫ને કલંકિત અને કાળા દિવસ તરીકે ઓળખવામાં આવે છે. તત્કાલીન વડાપ્રધાન સ્વ. શ્રી ઇન્દિરા ગાંધીએ મંત્રીમંડળની પરવાનગી વગર દેશમાં "કટોકટી" જાહેર કરી હતી. આ કટોકટી અંતર્ગત આખાયે દેશને એક "જેલખાનું" બનાવી દેવામાં આવ્યો હતો. દેશનો કોઈ પ્રજાજન પોતાના વિચારો જાહેરમાં વ્યક્ત કરી શકતો નહોતો. અખબારો પર સેન્સરશીપ લગાવવામાં આવી હતી. સંસદસભ્યો તેમજ સંસદની કાર્યવાહી પર પણ સેન્સરશીપ લગાવી એક સરમુખત્યારી શાસનનો દેશમાં અમલ કરાયો હતો. આ સમયગાળામાં એક તરફ ગુજરાતમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર થઈ હતી અને બીજી તરફ અલ્હાબાદ હાઈકોર્ટે સ્વ. ઇન્દિરાજીની ચૂંટણીને રદ કરી દીધી હતી. આ કારણોથી દેશના લોકતંત્ર સામે ખતરો ઊભો કરનારી "કટોકટી"ને લાદવા ઇન્દિરાજીને પ્રેર્યા હતા તેમ પ્રદીપભાઈ ખીમાણી જણાવે છે.

કટોકટીનો સમય એ દમનનો સમય હતો, શોષણનો સમય હતો, કોંગ્રેસ સરકાર વિરોધની વિચારસરણી ધરાવનારા માટે ઘર નહિ પરંતુ જેલ એ ઘર બની ગયું હતું. દેશભરમાંથી હજારો કાર્યકરો જેમાં ભારતીય જનસંઘ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, સંસ્થા કોંગ્રેસ, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સહિત બિન પક્ષીય સામાજિક કાર્યકરોને કોંગ્રેસની સરકારના દિશા દર્શન હેઠળ જેલમાં મોકલવામાં આવ્યા હતા. દેશમાં રાજકીય વિરોધના કે દેશના હિતના વિચારો રજૂ કરનારને કોઈ સ્થાન નહોતું. ગરીબોની વેદના સાંભળનાર કોઈ



નહોતું, શોષિત, પીડિતનો અવાજ રજૂ કરનાર જેલ ભેગા થઈ ગયા હતા.

દેશમાં કાર્યકર્તાઓએ કટોકટીના સમય દરમ્યાન ખૂબ જ સહન કર્યું હતું. આર્થિક સંકડામણનો ભોગ કાર્યકરના પરિવાર બન્યા હતા. તેમ જણાવતાં પ્રદીપભાઈ ખીમાણી ઉમેરે છે કે કેટલાંક સ્થાનો પર સામાજિક પ્રશ્નો પણ ઊભા થયા હતા. આ બધાયની વચ્ચે ભૂગર્ભ પ્રવૃત્તિ દ્વારા દેશમાં કટોકટી સામે આંદોલન ચલાવવામાં આવ્યું હતું. દેશમાંથી કટોકટી દૂર થઈ અને પ્રજાતંત્રની જીત થઇ હતી. ભારતીય જનસંઘે કટોકટી સામે લોકતંત્રની રક્ષાનો લાંબો સંઘર્ષ કર્યો હતો.

## ગુજરાતમાં લોકતંત્રની રક્ષાનું આંદોલન

ગુજરાત એ લોકશાહી મૂલ્યોની જાળવણી માટે, ધર્મની રક્ષા માટે તેમજ દેશને દિશાદર્શન કરવા માટે હંમેશા અગ્રેસર રાજ્ય રહ્યુ છે. ગુજરતમાં ૧૯૭૪ની સાથે વિદ્યાર્થી આગેવાનોએ પ્રચાર સામે રણશિંગું ફૂંક્યું હતું. નવનિર્માણની સફળતા બાદ આ આંદોલનને સ્વ. જયપ્રકાશ નારાયણે બિહાર સહિત દેશભરમાં પ્રસરાવવા યુવાનોને અપીલ કરી હતી. વિદ્યાર્થીઓના અંદોલનનાં પરિણામે ગુજરાતમાં કોંગ્રેસ સરકારનું પતન થયું અને સ્વ.શ્રી બાબુભાઈ જશભાઈ પટેલના નેતૃત્વમાં જનતા મોરચાની સરકાર તા.૧૮ જૂન ૧૯૭૫ના દિવસે બની હતી. ભારતીય જનસંઘ આ સરકારમાં ભાગીદાર બન્યો હતો. ગુજરાતમાં કોંગ્રેસ વિરોધની સરકાર હોઇ ઇન્દિરાજી દ્વારા લાદવામાં આવેલી કટોકટીની અસર પ્રારંભમાં ઓછી પ્રવર્તતી હતી.

દેશમાં ૨૫ જૂન ૧૯૭૫ના રોજ લાદવામાં આવેલી કટોકટીને પરિણામે શ્રી અટલ બિહારી વાજપાયી, શ્રી લાલકૃષ્ણ અડવાણીજી, શ્રી વિજયરાજમાતા સિંધયા, શ્રીમતી ગાયત્રીદેવી, રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના તત્કાલીન સરસંઘચાલક શ્રી બાળાસાહેબ દેવરસ સહિત હજારો લોકોને જેલભેગા કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં જનતા મોરચાની સરકાર હોઈ દેશમાં લાદવામાં આવેલી કટોકટી સામે સરકારે રાજીનામું આપી આંદોલનમાં ઝુકાવવું જોઈએ તેવી રજૂઆત સામે જનસંઘના

## કટોકટીનું કલંક – એક નજર

- ૫૧ વર્ષ પહેલાંની એ ૨૫ જૂન લોકશાહીના ઇતિહાસનો કલંકિત દિવસ.
- ૬૩૫ દિવસ ચાલેલા આ યુદ્ધમાં ગુજરાતની ભૂમિકા મહત્ત્વની હતી.
- ૨૫ જૂન ૧૯૭૫થી ૨૨ માર્ચ ૧૯૭૭માં ગુજરાતમાં એક પણ અઠવાડિયુ એવું નથી કે આંદોલન ન થયું હોય.
- લોકશાહીની રક્ષા માટેના આ આંદોલનમાં ગુજરાત દેશને દિશા આપનારુ રાજ્ય બન્યું હતું.
- આ કટોકટી સામેની લડાઇમાં સાધના સાપ્તાહિકની ૪૫૦૦૦ થી ૧ લાખ સુધીની નકલો વેચાતી હતી.
- આ લડાઇમાં જનતા છાપું, ભૂગર્ભ પત્રનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- કટોકટી સામેની લડાઈમાં ૩૧૬૫ સત્યાગ્રહીઓએ ભાગ લીધો હતો.
- ૨૦૦૦થી વધારે સત્યાગ્રહીઓને જેલમાં રાખવામાં આવ્યા હતા.
- કટોકટી સામેનો સંઘર્ષકાળ એ અવિસ્મરણીય અને કાર્યકર્તાના લડાઈના નવા નવા માર્ગને પ્રશિસ્ત કરનારો હતો.
- કટોકટીનો કાળ કાર્યકરોની અને પરિવારની અગ્નિપરીક્ષાનો હતો.



તત્કાલીન મહામંત્રી વસંતભાઈ ગજેન્દ્ર ગડકરે અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે “કટોકટી વિરુદ્ધ લડવા માટે આપણી ગુજરાતની ભૂમિ સલામત સ્થળ છે” જેને સૌએ સહમતી આપી હતી.

ગુજરાતમાં માર્ચ ૧૯૭૬માં જનતા મોરચાની સરકારને ઉથલાવવામાં આવી અને કૉંગ્રેસની સરકાર રચાઈ. કટોકટીનો કારમો પંજો ગુજરાતના કોંગ્રેસ વિરોધના કાર્યકરો પર ફરી વળ્યો. ગુજરાતમાં જનતા મોરચાના અને જનસંઘના મોટાં માથાંઓને જેલભેગા કરવામાં આવ્યા અને બીજી હરોળના કાર્યકરોને ભૂગર્ભમાં જવું પડ્યું, કટોકટીની ગુજરાતમાં અસર વ્યાપક બની અને શ્રી કેશુભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ મણિયાર, શ્રી ચીમનભાઈ શુકલ, શ્રી સૂર્યકાંતભાઈ આચાર્ય સહિત ૮૦૦ કરતાં વધારે કાર્યકરો જેલમાં ગયા.

ગુજરાત પ્રદેશ જનસંઘના તત્કાલીન સંગઠન મહામંત્રી શ્રી નાથાભાઈ ઝગડા અને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં કટોકટી વિરુદ્ધ જલદ આંદોલન ચલાવ્યું. કટોકટી સામે લોકતંત્રની રક્ષા માટે અને દેશમાં લોકશાહીનાં મૂલ્યોના જતન માટે આ બંને મહાનુભાવોએ વેશપલટા કરીને પોલીસની નજરમાંથી બચતા રહીને બેઠકો, પત્રિકાઓ અને આયોજનનો હવાલો સંભાળી દેશમાંથી કટોકટીને હટાવવા માટે પરિશ્રમ કર્યો.

## કટોકટી સામે લોકસંઘર્ષ સમિતિ

ગુજરાતમાં જનતા મોરચાની સરકાર હતી તે સમયે સંઘના કાર્યકરો પર કોંગ્રેસ દ્વારા લદાયેલી કટોકટીનો કારમો પંજો ફરી વળ્યો હતો. ૧૦૦ જેટલા કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી અને કેટલાક પ્રચારકોનાં ધરપકડનાં વોરન્ટ નીકળ્યાં હતાં. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક તરીકે કાર્ય કરતા શ્રી નરેન્દ્રભાઈ મોદી સહિત અનેક કાર્યકરોએ પોતાના નામ બદલી નાંખ્યાં હતાં તો વેશપલટા પણ કર્યા હતા. ગુજરાત કટોકટીના આંદોલનનું મહત્ત્વનું કેન્દ્ર બન્યું હતું. દેશના અનેક લોકશાહીના રક્ષકોને ગુજરાતે આશ્રય આપ્યો હતો. જ્યોર્જ ફર્નાન્ડિઝ, રાષ્ટ્રીય લોક સંઘર્ષ સમિતિના કન્વીનર શ્રી નાનાજી દેશમુખના પ્રવાસ તે સમયે ગુજરાતમાં ગોઠવવામાં આવ્યા હતા. જ્યોર્જ ફર્નાન્ડિઝને મળવા માટે શ્રી નાનાજી દેશમુખ અને શ્રી નરેન્દ્રભાઈ મોદી સ્કૂટર પર ગયા હતાં. જ્યોર્જ ફર્નાન્ડિઝે નરેન્દ્રભાઈને કહ્યું હતું કે “નરેન ભૈયા, નાનાજી કી બહુત જરૂર હૈ, ઉન્હેં કૈસે ભી તરીકેસે બચાના હૈ, સ્કૂટર પર લે જાના ખતરે સે ખાલી નહીં, ઉનકી ચિંતા તુમહારે જિમ્મે હૈ.” વળી સ્વ.શ્રી મકરંદભાઈ દેસાઈ અમેરિકા પહોંચી ત્યાં ઓવરસીસ ફ્રેન્ડ્ઝ ઓફ જનસંઘ નામે સંગઠન સ્થાપી વિશ્વમાં કટોકટી વિરુદ્ધ પ્રચારકાર્ય જોરશોરથી ઉપાડી કટોકટીનાં વિરુદ્ધમાં વિદેશમાં જનમત ઉભો કર્યો.

કટોકટી સામેના આંદોલનને રાષ્ટ્રીય સ્તર પર ફેલાવવા માટે ગુજરાતે અનેક ભૂગર્ભ પ્રવૃત્તિઓ કરી હતી. લોકો સુધી સમાચાર પહોંચાડવા માટે “જનતાનું છાપું” શરૂ કરવામાં આવ્યું હતું. અખિલ ભારતીય નાગરિક સ્વાતંત્ર્ય સંમેલન, જેવાં અનેક સંગઠનો દ્વારા લોકશાહીની રક્ષા માટે પ્રયત્ન થયા હતા. ગુજરાતમાં નાથાભાઈ ઝગડા, શ્રી નરેન્દ્રભાઈ મોદી, શ્રી ભાસ્કરભાઈ પંડ્યા, શ્રી વિદ્યાબેન ગજેન્દ્ર ગડકર, શ્રીમતી હેમાબેન આચાર્ય સહિતના કાર્યકરો ભૂગર્ભમાં સફળતાપૂર્વક કટોકટી સામેની આ લડાઈ ચલાવી રહ્યાં હતાં. ગુજરાતે લોકશાહીની રક્ષાના આ આંદોલનમાં ખૂબ જ મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. અનેક યુક્તિ, પ્રયુક્તિ, પત્રિકાઓ અને વ્યૂહરચનાઓને પરિણામે લડાઈ સફળ રહી હતી. ઇન્દિરાજીએ કટોકટી ઉઠાવી લીધી હતી. લોકસભાની ચૂંટણી યોજાઈ હતી. જનસંઘે દેશના હિતમાં પાર્ટીનું વિલીનીકરણ જનતા પાર્ટીમાં કર્યું હતું. જનતા મોરચાની કેન્દ્રમાં સરકાર બની હતી. શ્રી મોરારજીભાઈ દેસાઈ વડાપ્રધાન બન્યા હતા. અને શ્રી અટલબિહારી વાજપાયી વિદેશ પ્રધાન, શ્રી લાલકૃષ્ણ અડવાણીજી માહિતી પ્રસારણ પ્રધાન બન્યા હતા. દેશમાં લોકશાહીની પુનઃ સ્થાપના થઈ હતી.





# પંડિત દીનદયાળ ઉપાધ્યાય

# પ્રશિક્ષણ મહાભિયાન ૨૦૨૬ વૈચારિક અધિષ્ઠાન

## પ્રસ્તાવના

* ભાજપનો વિચાર
  એકાત્મ માનવ-દર્શન
* ભાજપનો રાષ્ટ્રવાદ
  સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ
* ભાજપની રાજનીતિનો આધાર
  પંચનિષ્ઠા
* લક્ષ્ય
  ભારત માતા કી જય
* માર્ગ
  અંત્યોદયથી વિકસિત ભારત

## ભાજપનો વિચાર

* ભારતીય જનસંઘ, અથવા ભારતીય જનતા પાર્ટી, ભારતને એક પ્રાચીન અને શાશ્વત રાષ્ટ્ર માને છે. ભારતનું "સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ"નું વિઝન રાષ્ટ્ર-રાજ્યની પશ્ચિમી પરિકલ્પના કરતાં પણ જૂનું છે. ભારતીય સંસ્કૃતિની એક ગૌરવપૂર્ણ જ્ઞાન-પરંપરા છે. આપણે આ જ્ઞાન પરંપરાના આધારે ભારતના ભવિષ્યનું નિર્માણ કરવું જોઈએ.
* ભારતીય સંસ્કૃતિના મૂળભૂત દર્શનને વ્યક્ત કરતાં આ સર્વાંગી વિચારને ભારતીય જનસંઘે ૧૯૬૫માં વિજયવાડામાં એકાત્મ માનવવાદ'ના રૂપમાં સ્વીકાર્યો અને ફરી ભાજપે ૧૯૮૫ની રાષ્ટ્રીય પરિષદમાં તેને મૂળભૂત સિદ્ધાંત તરીકે સ્વીકાર કર્યો.
* તેથી, મૂળભૂત ભારતીય વિચારસરણી પર આધારિત વિકલ્પ પૂરો પાડવા માટે, દીનદયાળજીએ 'એકાત્મ માનવતાવાદ'ને એક સિદ્ધાંત અને નીતિ તરીકે રજૂ કર્યો, જે ભારતીય જનતા પાર્ટીનો મૂળભૂત વિચાર બની ગયો છે.
* આ વિચાર વ્યક્તિ વિરુદ્ધ સમાજ વિશે નથી, પરંતુ વ્યક્તિ અને સમાજની એકતા વિશે છે. તે મનુષ્ય વિરુદ્ધ પ્રકૃતિ વિશે નથી, પરંતુ પ્રકૃતિ અને મનુષ્ય વચ્ચેની એકતા વિશે છે. તે ભૌતિક વિરુદ્ધ આધ્યાત્મિક વિશે નથી, પરંતુ તેમની એકાત્મતા વિશે છે.
* એકાત્મ માનવદર્શનમાં વ્યક્તિના સર્વાંગી વિકાસની કલ્પના કરી છે. તે શરીર, મન, બુદ્ધિ અને આત્માના એકીકરણ અને એકતાને ધ્યાનમાં લે છે, અને દરેક વિષયને સમગ્રતાથી જુએ છે.
* જે માનવી વ્યક્તિ, સમષ્ટિ, સૃષ્ટિ અને પરમેષ્ઠી



સાથે એકરૂપ છે તે મહાપુરુષ છે.

* તેનો પુરુષાર્થ ચતુર્યામી છે, 'ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, આ પુરુષાર્થો મનુષ્યની ગમે તે પરિસ્થિતિ હોય તે આવશ્યક છે. તેમને પૂર્ણ કરવાનું કામ સમાજ-વ્યવસ્થાનું છે.
* 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ' આ સંકલ્પનાની અભિવ્યક્તિ છે.

## સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ

* આપણો સિદ્ધાંત "ભારત માતા કી જય" ના સૂત્રમાં વ્યક્ત થાય છે. આ સૂત્ર આપણા સિદ્ધાંતનો મૂળભૂત પાયો છે.
* તે ભારત (ભૂમિ), માતા (સંસ્કૃતિ) અને જય (લોકોની આકાંક્ષાઓ)નું પ્રતિનિધિત્વ કરે છે.
* આપણે માનીએ છીએ કે 'રાષ્ટ્રોનો જન્મ ભૂમિ, લોકો અને સંસ્કૃતિના જોડાણમાંથી થાય છે.' એટલા માટે દેશભક્તિ અને રાષ્ટ્રસેવા આપણા કાર્યનો પાયો છે.
* એક રાષ્ટ્ર તેની સંસ્કૃતિમાં સ્થાપિત થાય છે. ભારતીય સંસ્કૃતિ ભૂમિને તેની માતા અને તેના લોકોને તેના બાળકો માને છે. આપણા રાષ્ટ્રની રાષ્ટ્રીય ચેતનાનો વિસ્તાર પ્રાચીન કાળથી, વેદોથી લઈને પૌરાણિક, મધ્યયુગીન અને સ્વતંત્રતા ચળવળના ગ્રંથો અને સાહિત્યમાં જોવા મળે છે.
* અથર્વવેદના પૃથ્વી સૂક્ત, ૬૩ શ્લોકોની શ્રેણી, પૃથ્વી સાથેના આપણા સંબંધનું સંપૂર્ણ વર્ણન કરે છે : "માતા ભૂમિઃ પુત્રોહં પૃથ્વીયા !" અર્થાત્ પૃથ્વી માતાનું સ્વરૂપ છે અને માનવીઓ તેના પુત્રો છે.
* સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો સાર "ભારત માતા કી જય" છે. આપણું રાષ્ટ્ર આપણા ભૂતકાળ અને વર્તમાન બંને સાથે જોડાયેલું છે. આપણી પાસે સમૃદ્ધ યાદોનો વારસો છે અને સહઅસ્તિત્વનાં મૂલ્યોનો ભવ્ય પ્રવાહ અને જીવંત વારસો છે જે આપણને સમૃદ્ધ, સશક્ત અને મજબૂત ભવિષ્ય તરફ પ્રેરણા આપે છે.

## ભાજપની રાજનીતિનો આધાર પંચનિષ્ઠા

* ભારતીય જનતા પાર્ટીની રચના પંચ નિષ્ઠાના સિદ્ધાંત પર થઈ હતી. તેના પહેલા સંમેલનમાં, ભાજપે પંચનિષ્ઠાને અપનાવી.

૧. **રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય એકાત્મતા :** આપણે હંમેશા "ભારત માતા કી જય" અને "વંદે માતરમ્" યાદ રાખીએ છીએ. આપણે રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય એકતાના પૂજારી છીએ. આપણે સતત રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા માટે સંઘર્ષ કર્યો છે. "જહાં હુયે બલિદાન મુખર્જી વહ કશ્મીર હમારા હૈ" આનું ઉદાહરણ છે. કલમ ૩૭૦ નાબૂદ કરવી એ આપણા સંકલ્પને દર્શાવે છે.

૨. **લોકતંત્ર :** ભાજપ બધાને સાથે લાવવાની ભાવના સાથે કાર્ય કરે છે. દરેક સ્તરે ટોળીની રચના અને ટોળીમાં લેવામાં આવતા નિર્ણયો પાર્ટીની અંદર લોકશાહી પદ્ધતિનાં ઉદાહરણો છે. બૂથ સમિતિથી લઈને સંસદીય બોર્ડ સુધી, સંગઠન આંતરિક લોકશાહીનું એક અનોખું ઉદાહરણ છે. કટોકટી દરમિયાન દેશની લોકશાહી બચાવવામાં પાર્ટીનું યોગદાન અવિસ્મરણીય છે.

૩. **શોષણમુક્ત અને સમાનતાવાદી સમાજની સ્થાપના તરફ દોરી શકે તેવા સામાજિક-આર્થિક મુદ્દાઓ પર દૃષ્ટિકોણ :** સ્વદેશીનો ઉપયોગ, સ્વદેશીનો પ્રચાર અને પ્રોત્સાહન, રોજગાર ઉત્પન્ન કરતાં સાહસો, આર્થિક ક્ષેત્રમાં આત્મનિર્ભરતાના પ્રયોગોને પ્રોત્સાહન, કાર્યના વિસ્તરણમાં સમાજના તમામ લોકોનો સહયોગ, કાર્યના સંચાલનમાં વંચિત વર્ગને પ્રોત્સાહન, ઘરો અને ઓફિસોમાં સમાજના તમામ વર્ગના મહાપુરુષોનાં ચિત્રો, અને તેમની જન્મજયંતી ઊજવવી.

૪. **સકારાત્મક ધર્મનિરપેક્ષતા એટલે કે બધા ધર્મો પ્રત્યે સમભાવ :** ભાજપ ધર્મ અને સંપ્રદાયના આધારે વોટ બેંક અને તુષ્ટિકરણની રાજનીતિનો વિરોધ કરે છે અને એવા રાષ્ટ્રનું નિર્માણ કરવા



માટે કટિબદ્ધ છે જે ભેદભાવ-મુક્ત શાસન અને સકારાત્મક ધર્મનિરપેક્ષતાના આધારે તમામ ધર્મો અને સંપ્રદાયો સાથે સમાન રીતે વર્તે છે, જેમાં 'બધા માટે ન્યાય' હોય.

૫. **મૂલ્ય-આધારિત રાજનીતિ અને આર્થિક અને રાજનીતિક વિકેન્દ્રીકરણ** : પારદર્શક વર્તન, સંયમિત શબ્દભંડોળ, કાર્યક્રમ વ્યવસ્થાપન, સંગ્રહ વગેરેમાં પારદર્શિતા અને પ્રામાણિકતા એ ભાજપના કાર્યકરોનાં મુખ્ય લક્ષણો છે. આર્થિક અને રાજકીય વિકેન્દ્રીકરણમાં વિશ્વાસ.

**લક્ષ્ય**
**ભારત માતા કી જય**

* ભારતીય જનતા પાર્ટીની વિચારધારાનું મુખ્ય સૂત્ર "ભારત માતા કી જય" છે.
* આ ઘોષણા માત્ર એક સૂત્ર નથી, પરંતુ એક ગહન દાર્શનિક ખ્યાલ છે જે ભારતને એક સર્વોચ્ચ જીવંત અસ્તિત્વ તરીકે જુએ છે.
* જનસંઘ અને ભાજપનો વૈચારિક વારસો
* શ્રી દીનદયાળ ઉપાધ્યાયજીના મતે, આ ઘોષણા રાષ્ટ્રની 'ચિતિ' (આત્મા) પ્રત્યે આદર છે.
* જનસંઘના સમયથી તેને રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક માનવામાં આવે છે.
* અટલજીનો દૃષ્ટિકોણ : "ભારત માતા" એટલે અહીંના લાખો દેશવાસીઓ; તેમનો વિજય એ દેશનો વિજય છે.
* **ભવિષ્યનો સંકલ્પ :**

ભૂતકાળ અને વર્તમાનનું સંયોજન : આ સૂત્ર આપણા ગૌરવશાળી ઇતિહાસ અને સમૃદ્ધ યાદોને વર્તમાન સાથે જોડે છે.

પ્રેરણા પુંજ : આ ઘોષણા આપણને સમૃદ્ધ, સશક્ત અને મજબૂત ભારત બનાવવા માટે પ્રેરણા આપે છે.

દેશભક્તિનો સંકલ્પ : દરેક સભા અને કાર્ય આ સંકલ્પ સાથે સમાપ્ત થાય છે.

* **અંત્યોદયથી વિકસિત ભારત**

**અંત્યોદય :** વિકાસનો સાચો માપદંડ

**મુખ્ય વિચાર :** "આર્થિક આયોજન સૌથી ઉપર બેઠેલા વ્યક્તિના દૃષ્ટિકોણથી નહીં, પરંતુ સીડીના તળિયે બેઠેલા વ્યક્તિના દ્રષ્ટિકોણથી નક્કી કરવું જોઈએ." - પંડિત દીનદયાળ ઉપાધ્યાય

**તત્ત્વજ્ઞાન :** સમાજના છેલ્લા વ્યક્તિની સેવા એ 'દરિદ્ર નારાયણ'ની સેવા છે. - દીનદયાળ ઉપાધ્યાય

**અંત્યોદયથી વિકસિત ભારત**
**નીતિનો આધાર**

* સૌનો સાથ - સર્વસમાવેશક જોડાણ.
* સૌનો પ્રયાસ - રાષ્ટ્રનિર્માણમાં જનભાગીદારી.
* સૌનો વિકાસ - સંસાધનોનું સમાન વિતરણ.
* સૌનો વિશ્વાસ - પારદર્શિતા અને વિશ્વાસનું રાજકારણ.

**અંત્યોદયથી વિકસિત ભારત તરફ**
**અંત્યોદયથી આત્મનિર્ભર તરફ**

* **સશક્તિકરણ** : યોજનાઓના લાભ સીધા લાભાર્થીના ખાતામાં (DBT).
* **માળખાગત સુવિધા :** ગરીબો પાસે પોતાનું પાકું ઘર, શૌચાલય, નળનું પાણી અને આયુષ્માન કવચ હોવું જોઈએ.
* **આદર :** અંત્યોદયનો ઉદ્દેશ્ય ફક્ત સહાય પૂરી પાડવાનો નથી પરંતુ વ્યક્તિને 'સશક્ત' બનાવવાનો છે.

**વિકસિત ભારત@૨૦૪૭નું વિઝન**

* **અંતિમ ધ્યેય :** જ્યારે સમાજનો છેલ્લો વ્યક્તિ સક્ષમ અને સમૃદ્ધ બનશે, ત્યારે જ ભારત એક સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનશે.
* **સંકલ્પ :** અંત્યોદયથી સર્વોદય સુધી (સર્વનો ઉત્કર્ષ).



# કેન્દ્રીય મંત્રીમંડળે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ ૨A (કોટેશ્વર રોડથી એરપોર્ટ કોરિડોર)ને મંજૂરી


પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ ૨(A) ને મંજૂરી આપી દીધી છે, જે ૦૫ સ્ટેશનો (૦૪ એલિવેટેડ અને ૦૧ અંડરગ્રાઉન્ડ) સાથે ૬.૦૩૨ કિમીની લંબાઈનો કોરિડોર ધરાવે છે. ફેઝ ૨(A) કાર્યરત થતાં, અમદાવાદ-ગાંધીનગર પાસે ૭૭.૬૩ કિમીનું સક્રિય મેટ્રો રેલ નેટવર્ક હશે. ફેઝ ૨(A) કોરિડોરમાં સ્ટેશનોના નામ - આશ્રમ રોડ, કોટેશ્વર પ્રાચીન મંદિર, સાબરમતી રિવર, સરદાર નગર અને એરપોર્ટ છે. આ પ્રોજેક્ટ માટે આઈડીસી (બાંધકામ દરમિયાન વ્યાજ) સહિતનો કુલ પૂર્ણતા ખર્ચ રૂા. ૨,૧૬૮.૦૪ કરોડ થશે.

**લાભો અને વૃદ્ધિને વેગ આપવો :** અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનો ફેઝ ૨(A) શહેરના ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં એક નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે. ફેઝ ૨(A) શહેરમાં મેટ્રો રેલ નેટવર્કના મોટા વિસ્તરણ તરીકે કામ કરે છે. **ઉન્નત કનેક્ટિવિટી :** અમદાવાદ મેટ્રો પ્રોજેક્ટના ફેઝ ૨(A)માં આશરે ૬.૦૩૨ કિમીના નવા મેટ્રો કોરિડોરના વિકાસની પરિકલ્પના કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય એરપોર્ટ સુધી અવિરત કનેક્ટિવિટી પ્રદાન કરીને અને હાલમાં કાર્યક્ષમ પરિવહન સુવિધાનો અભાવ ધરાવતા મુખ્ય રહેણાંક અને વ્યાપારી વિસ્તારોને જોડીને જાહેર પરિવહનને નોંધપાત્ર રીતે વધારવાનો છે. આ તબક્કાનો ઉદ્દેશ્ય હાલના અમદાવાદ-ગાંધીનગર કોરિડોર સાથે રહેણાંક અને વ્યાપારી હબ સહિતના મુખ્ય વિસ્તારોને સીમલેસ રીતે સંકલિત કરવાનો છે. વધુમાં, વર્લ્ડ પોલીસ ગેમ્સ ૨૦૨૯ અને કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ માટે આસપાસના વિસ્તારમાં રમતગમતની સુવિધાઓ પણ વિકસાવવામાં આવે તેવી શક્યતા છે. આ મહત્ત્વપૂર્ણ વિસ્તારોને મેટ્રો નેટવર્ક સાથે જોડીને, ફેઝ ૨(A) માત્ર કનેક્ટિવિટીમાં જ વધારો નહીં કરે પરંતુ આર્થિક પ્રવૃત્તિઓ, પ્રવાસન અને સ્થાનિક રહેવાસીઓ તેમજ મુલાકાતીઓ બંને માટે શહેરી ગતિશીલતાને સરળ બનાવશે. **ટ્રાફિકની ગીચતામાં ઘટાડો :** મેટ્રો રેલ એક કાર્યક્ષમ વૈકલ્પિક માર્ગ પરિવહન તરીકે અને એરપોર્ટ સુધી મેટ્રો રેલ નેટવર્કના વિસ્તરણ તરીકે ફેઝ ૨(A) સાથે, અમદાવાદની અંદર ખાસ કરીને પ્રભાવશાળી સાબિત થશે. રોડ ટ્રાફિકમાં ઘટાડો થવાથી વાહનોની અવરજવર સરળ બની શકે છે, મુસાફરીના સમયમાં ઘટાડો થઈ શકે છે, એકંદર માર્ગ સુરક્ષામાં વધારો થઈ શકે છે વગેરે. **પર્યાવરણીય લાભો :** અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ ૨(A) ના ઉમેરાવાથી અને અમદાવાદ અને ગાંધીનગર શહેરોમાં એકંદર મેટ્રો રેલ નેટવર્કમાં વધારો થવાથી, પરંપરાગત અશ્મિભૂત બળતણ આધારિત પરિવહનની તુલનામાં કાર્બન ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. **આર્થિક વૃદ્ધિ :** મુસાફરીના સમયમાં ઘટાડો અને એરપોર્ટ, રેલવે સ્ટેશનો અને બસ ડેપો જેવા શહેરના વિવિધ ભાગોમાં સુધારેલી પહોંચ વ્યક્તિઓને તેમના કાર્યસ્થળો અને ગંતવ્યસ્થાનો પર વધુ કાર્યક્ષમ રીતે પહોંચવાની મંજૂરી આપીને ઉત્પાદકતામાં વધારો કરી શકે છે. ઉપરાંત, ઉન્નત કનેક્ટિવિટી સ્થાનિક વ્યવસાયોને પ્રોત્સાહિત કરી શકે છે, ખાસ કરીને નવા મેટ્રો સ્ટેશનો નજીકના વિસ્તારોમાં, જે અગાઉ ઓછા સુલભ પ્રદેશોમાં રોકાણ અને વિકાસને પણ આકર્ષિત કરી શકે છે. **સામાજિક પ્રભાવ :** અમદાવાદમાં ફેઝ ૨(A) મેટ્રો રેલ નેટવર્કનું વિસ્તરણ જાહેર પરિવહન સુધી વધુ સમાન પહોંચ પ્રદાન કરશે, જે વિવિધ સામાજિક-આર્થિક જૂથોને લાભ આપશે અને પરિવહન અસમાનતા ઘટાડશે, જે મુસાફરીનો સમય ઘટાડીને અને આવશ્યક સેવાઓ સુધીની પહોંચમાં સુધારો કરીને ઉચ્ચ જીવન ધોરણમાં યોગદાન આપશે.

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનો ફેઝ ૨(A) શહેર માટે એક પરિવર્તનકારી વિકાસ સાબિત થવા માટે તૈયાર છે. તે ઉન્નત કનેક્ટિવિટી, ટ્રાફિકની ઓછી ગીચતા, પર્યાવરણીય લાભો, આર્થિક વૃદ્ધિ અને જીવનની બહેતર ગુણવત્તા પ્રદાન કરવાનું વચન આપે છે. મુખ્ય શહેરી પડકારોનો સામનો કરીને અને ભવિષ્યના વિસ્તરણ માટે પાયો પૂરો પાડીને, ફેઝ ૨(A) શહેરના વિકાસના માર્ગ અને ટકાઉપણાને આકાર આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. અમદાવાદ મેટ્રો ફેઝ ૨A બાંધકામ પ્રવૃત્તિના મહત્તમ કામગીરીના સમયગાળા દરમિયાન આશરે ૨,૦૦૦ વ્યક્તિઓ માટે રોજગારી જનરેટ કરશે અને સિસ્ટમની કામગીરી અને જાળવણી દરમિયાન ૫૦૦ વ્યક્તિઓ કામ કરે તેવી શક્યતા છે.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

## આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪માં પ્રથમ વખત યુ.એન.માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટે ન કેવળ પ્રસ્તાવ રાખ્યો પરંતુ આપણા ચિર પુરાતન વિજ્ઞાનની ભેટનો પરિચય પણ સમગ્ર વિશ્વને કરાવ્યો – શ્રી અમિતભાઈ શાહ



શ્રી અમિતભાઈ શાહે તેમના સંદેશમાં જણાવ્યું હતું કે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪માં પ્રથમ વખત યુ.એન. ની જનરલ એસેમ્બ્લીમાં પ્રસ્તાવ રાખ્યો હતો કે ૨૧ જૂન યોગ દિવસના રૂપમાં મનાવવામાં આવે. ન કેવળ પ્રસ્તાવ રાખ્યો પણ આપણા ચિર પુરાતન વિજ્ઞાનની ભેટનો પરિચય પણ સમગ્ર વિશ્વને કરાવ્યો. ત્યારબાદ ૧૭૦ જેટલા દેશોએ ૨૧ જૂનના દિવસને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઊજવવાની સહમતી આપી. આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ યોગ દિવસના રૂપમાં સંપૂર્ણ વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનનો ધ્વજ ફરકાવવાનું કાર્ય કર્યું છે. ભારતે વિશ્વ અને માનવસમાજને ઘણું આપ્યું છે પણ સૌથી મોટો ઉપહાર ભારતે યોગના રૂપમાં આપ્યો છે તેવો મત શ્રી શાહે વ્યક્ત કર્યો હતો.





શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે યોગ એ ભારતે માનવજાતને આપેલી અમૂલ્ય ભેટ છે જે મન, શરીર અને આત્માને ઉર્જા આપીને સર્વાંગી સુખાકારીનું પોષણ કરે છે. મન શરીર અને આત્મા ત્રણેય વચ્ચે એકાત્મતા લાવવા માટે યોગથી મોટું કોઈ વિજ્ઞાન નથી. મનની અંદર જે અગાધ શક્તિઓ પડી છે તે શક્તિઓના મહાસાગરમાં ખોજ કરવાનું ઉત્તમ માધ્યમ યોગ જ છે. મનની શક્તિઓને આત્મા સાથે જોડીને વિશ્વકલ્યાણના માર્ગે લઈ જવાનું યોગથી મોટું કોઈ માધ્યમ ન હોઈ શકે. સમગ્ર વિશ્વના કલ્યાણના મંત્રને જમીન પર ઉતારવા નિરંતર યોગ અભ્યાસ જરૂરી છે અને ભારત તેને ચરિતાર્થ કરી રહ્યું છે. વ્યક્તિથી સમષ્ટિ સુધી સમગ્ર બ્રહ્માંડના કલ્યાણની કલ્પના જ પૃથ્વીને બચાવી શકે છે. ગ્લોબલ વોર્મિંગના આ સમયમાં દુનિયાના નિષ્ણાતો પણ સ્વીકાર કરે છે કે આપણા ઋષિઓએ આપેલું જ્ઞાન જ આપણને આગળ વધારી શકે છે.

REGD. NO. GAMC 563/ 2024-26 VALID UP TO 31-12-2026 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO.PMG/NG/077/2024-26 VALID UP TO 31-12-2026 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED TO POST AT AHMEDABAD UNACCOUNTABLE L1 ON 12/13/14 & 27/28/29th OF EVERY MONTH



# શિક્ષણ ક્ષેત્રે ગુજરાતની પ્રગતિના મહત્ત્વપૂર્ણ પગલાં



* મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત રાજ્યની સરકારી શાળાઓમાં ૨૨,૦૦૦થી વધુ નવા વર્ગખંડો, ૧ લાખથી વધુ સ્માર્ટ ક્લાસરૂમ્સ, ૨૧,૦૦૦થી વધુ કમ્પ્યૂટર લેબ્સ અને ૨,૯૦૦ STEM લેબ્સની સ્થાપના.
* કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયો દ્વારા ૩૭,૦૦૦થી વધુ દીકરીઓને નિવાસી શિક્ષણ સુવિધાનો લાભ.
* ૧૧ લાખથી વધુ દીકરીઓને નમો લક્ષ્મી યોજના અને ૧.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાનો લાભ.
* જ્ઞાનસેતુ, જ્ઞાનસાધના અને જ્ઞાનશક્તિ યોજનાઓ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણનો લાભ.
* રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ૨૩.૫ લાખ પરીક્ષાર્થીઓ માટે ૨૭ પરીક્ષાઓનું સફળ આયોજન. પરીક્ષા વ્યવસ્થામાં પારદર્શિતા, QR કોડ માર્કશીટ અને ઑનલાઈન વેરિફિકેશન જેવી આધુનિક સુવિધાઓનો અમલ.
* RTE અધિનિયમ હેઠળ ધોરણ-૧ માં ૨૫% બેઠકો પર વિનામૂલ્યે પ્રવેશથી લાખો બાળકોને શિક્ષણનો અધિકાર.
* મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના દ્વારા વિદ્યાર્થીઓને પોષણયુક્ત આહારની સુવિધા.
* રાજ્યની ૧૭૬૨ સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૧૬ જેટલા અલગ-અલગ સેક્ટરમાં વ્યાવસાયિક શિક્ષણ ઉપલબ્ધ.
* PM SHRI શાળાઓ દ્વારા ભવિષ્યના રાષ્ટ્ર નિર્માતાઓ માટે ગુણવત્તાસભર અને આધુનિક શિક્ષણ વ્યવસ્થા.
* શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક યોજના દ્વારા ઉત્કૃષ્ટ શિક્ષકોને સન્માન અને પ્રોત્સાહન.
* ધોરણ-૧૦ અને ૧૨ માટે ‘Best of Two Exam’થી પરિણામ સુધારવાની અનોખી તક.
* સાક્ષરતા અને નિરંતર શિક્ષણ કાર્યક્રમ દ્વારા નિરક્ષરોને શિક્ષણ સાથે જોડવાનો પ્રયાસ.
* નિપુણ ગુજરાત અભિયાન અને રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખાની નવી દિશાના માધ્યમથી ગુણવત્તાપૂર્ણ શિક્ષણ.
* ૩૬૦° હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ(HPC) દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર.
* ધોરણ-૧૦માં સ્ટાન્ડર્ડ અને બેઝિક ગણિતના વિકલ્પથી વિદ્યાર્થીઓના પરીક્ષા સંબંધિત તણાવમાં ઘટાડો.

**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.